©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, SEPTEMBER 18, 2025 / BHADRA 27, 1947** **[No. 38**

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	3147-3260	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	75
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	38	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1405-1448

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૪/૨૦૨૫.-હું, જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આવતીકાલ તા.૧૩/૫/૨૦૨૫ ના રોજ વ્યાસવાડી ચાર રસ્તા, વાડજ મેટ્રો સ્ટેશન,અમદાવાદ શહેર ખાતે એક તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં VIPs/VVIPs ઉપરાંત મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતી જનમેદની વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

અમદાવાદ શહેરમાં આવતીકાલ તા.૧૩/૫/૨૦૨૫ ના રોજ વ્યાસવાડી ચાર રસ્તા,વાડજ મેટ્રો સ્ટેશન ખાતે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવનાર હોય જે કાર્યક્રમ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

અનં.	વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગની વિગત
	અખબારનગર સર્કલથી રાણીપ ડી-માર્ટ ચાર રસ્તા સુધીનો જતો આવતો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.	૧. અખબારનગર સર્કલથી નિર્ણયનગર અંડરપાસ તરફ તથા અખબારનગર અંડરપાસ તરફથી ૧૩૨ ફુટ રોડનો ઉપયોગ કરી શકાશે. ૨. રાણીપ ડી-માર્ટ ચાર રસ્તા થી વાડજ તરફ જવા નવા બનેલ રોડનો ઉપયોગ કરી શકાશે. તેવી રીતે રાણીપ ડી-માર્ટ ચાર રસ્તાથી રાણીપ ગામ તરફ જઈ શકાશે.

આ તિરંગા યાત્રા શરુ થઈ જ્યારે વ્યાસવાડી ચાર રસ્તાથી સુભાષબ્રીજ સર્કલ તરફ આવશે ત્યારે રાણીપ ડી-માર્ટ ચાર રસ્તા, પ્રબોધરાવલ સર્કલ તથા સુભાષબ્રિજ સર્કલનો ટ્રાફિક તબક્કાવાર ડાયવર્ટ કરવામાં આવશે.

અપવાદ : સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો,ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા. ૧૩/૫/૨૦૨૫ ના બપોર કલાક ૧૪.૦૦ થી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૨/૫/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા:-

(૧) નિવાસી અધિક કલેકટરશ્રી,અમદાવાદ શહેરની કચેરીના પત્રકમાંક નં.એક્ઝામ સેલ/CS(Pre)/Exam-2025/જાહેરનામું/વશી.૪૦૬/૨૦૨૫ તા.૦૭/૦૫/૨૦૨૫ આધારે

(૨) નિવાસી અધિક કલેકટરશ્રી,અમદાવાદ શહેરની કચેરીના પત્રકમાંક નં.એક્ઝામ સેલ/અન્ય પરીક્ષા/જાહેરનામું/વશી.૪૨૫/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫ આધારે.

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.

નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/૬૧/૨૦૨૫. તા.૧૨/૦૫/૨૦૨૫.-(૧) રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી, ન્યુ દિલ્હી દ્વારા CUET (UG)-2025 ની પરીક્ષા તા.૧૩/૦૫/૨૦૨૫ થી તા.૦૩/૦૬/૨૦૨૫ ના રોજ પ્રથમપાળીમાટે કલાક ૦૯/૦૦ થી કલાક ૧૨/૦૦ અને બીજીપાળી માટે કલાક ૧૫/૦૦ થી ૧૮/૦૦ સુધી અમદાવાદ શહેરના ૦૪ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે તથા (૨) યુનિયન પબ્લીક સર્વિસ કમિશન, નવી દિલ્હી દ્વારા Civil Cervices (Preliminary) Exam-2025 તા.૨૫/૦૫/૨૦૨૫ ના રોજ પેપર-૧ કલાક ૦૯/૩૦ થી કલાક ૧૧/૩૦ અને પેપર-૨ કલાક ૧૪/૩૦ થી કલાક ૧૬/૩૦ સુધી અમદાવાદ શહેરના જુદા-જુદા-૫૮ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી.એસ મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઈ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઈપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઈ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

CUET(UG)-2025ની પરીક્ષા માટે આહુકમ તા.૧૩/૫, ૧૪/૫, ૧૫/૫, ૧૬/૫, ૧૯/૫, ૨૦/૫, ૨૧/૫, ૨૨/૫, ૨૩/૫, ૨૪/૫, ૨૬/૫, ૨૭/૫, ૨૮/૫, ૨૯/૫, ૩૦/૫, ૩૧/૫/, ૨/૬, ૩/૬/૨૦૨૫ સુધી રોજે-રોજ કલાક ૦૭/૦૦થી ૨૦/૦૦ સુધી. તથા Civil Cervices (Preliminary) Exam-2025 માટે આ હુકમ તા.૨૫/૦૫/૨૦૨૫ ના રોજ કલાક ૦૭/૦૦ થી ૧૯/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૧૨/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

વંચાણે લીધા :

પોલીસ મહાનિરીક્ષકશ્રી સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગુજરાત રાજય, ગાંધીનગર નાઓના પત્ર ક્રમાંક : જી-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૦૨૧ તા.૦૧/૧૧/૨૦૨૧ અન્વયે.

-:જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:વિ.શા./એ સેકશન/ડ્રોન કેમેરા રેડ ઝોન-યલો ઝોન /જાહેરનામું/૬૪/૨૦૨૫ તા.૧૮/૦૫/૨૦૨૫.-અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશન એરપોર્ટ, આર્મી કેન્ટોન્મેન્ટ, સેન્ટ્રલ જેલ, વી.આઈ.પી /વી.વી.આઈ.પી. રહેઠાણ અગત્યના પાવર સ્ટેશનો, મેટ્રો રેલ્વે, ઈન્ડસ્ટ્રીયલ એકમો, બ્રીજ તેમજ અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. રીમોટ કંટ્રોલ સંચાલીત માઈક્રોલાઈટ એરક્રાફટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને અમદાવાદ શહેરની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં, તેમજ નજીકના ભૂતકાળમાં જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ઉપર જણાવેલ UAV(Unmanned Aerial Vehicle) ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

ડાયરેકટર જનરલ ઓફ સિવિલ, એવિએશન, ભારત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ ડીજીટલ સ્કાય (એપ્લીકેશન) પ્લેટફોર્મ ઉપર રેડ ઝોન - ૩૬ અને યલો ઝોન -૧૬૫ મળી કુલ: ૨૦૧ જગ્યાઓ કે જે હવે પરીશિષ્ટ - ક મુજબના રહેશે. જે ઉપરોક્ત ઝોનને DRONE – UAV/UAS ઉડાવવા માટે પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેમાં રેડ ઝોન પ્રતિબંધિત વિસ્તાર હોઈ DRONE – UAV ઉડાવી શકાશે નહિ. UNMANNED AIRCRAFT SYSTEM RULES - 2021 ના RULES NO. 37 મુજબ એરપોર્ટ વિસ્તારના ૦૩ કિ.મી ચોતરફના વિસ્તારને નો ફલાય ઝોન (NO OPERATION AREA) જાહેર કરેલ હોય તે મુજબ અમદાવાદ શહેરના એરપોર્ટ વિસ્તારના ૦૩ કિ.મી ચોતરફે ડ્રોન UAV/ UAS ઉડાવી શકાશે નહી તેમજ યલો ઝોન વિસ્તાર માટે અરજદાર/ઓપરેટરશ્રીએ ડીજી. સ્કાય (એપ્લીકેશન) ઉપર અપલોડ કરેલ વિગતો/ શરતો મુજબ લોગીંન થઈ પરવાનગી લઈ DRONE – UAV ઉડાવી શકે છે.

: હુકમ :

વાસ્તે હું જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ.માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ આથી હુકમ કરૂં છું કે, ઉપર જણાવેલ ઝોન/વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રવર્તમાન પરીસ્થિતીને અનુસંધાને અમદાવાદ શહેર ની સુરક્ષાની બાબતને ધ્યાને લેતાં ઉપરોકત જણાવેલ વિગતોનું કોઇ પણ વ્યક્તિ/ અરજદાર/એજન્સી ઉલ્લંઘન કરતાં જણાઇ આવશે તો તેઓ વિરૂધ્ધ BNS 223 મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

: અમલવારીનો સમય :

આ હુકમ તા.૧૯/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૭/૦૭/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

: પ્રતિબંધિત વિસ્તાર :

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: અપવાદ :

1. સરકારી સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ એરક્રાફટને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

2. DGCA દ્વારા પરમીશન આપવામાં આવેલ U.A.V (Unmanned Aerial Vehicle) જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

: શિક્ષા:

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે BNS-223 મુજબ

આજ તારીખ :૧૫/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા :-

અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા. વ્ય.) વિભાગ ગુ.રા., ગાંધીનગરના પત્ર ક્રમાંક : જી-૧/કા.વ્ય.-૨/ડઉવ-૨૭/૩૨૭/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/૫૨મીટ/ નો ડ્રોન ફલાય એરિયા/૬૫/૨૦૨૫ તા.૧૯/૦૫/૨૦૨૫.-હાલની પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને રાજ્યની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નનર વિસ્તારમાં માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણોના (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ઉડાવવા ઉપર કે તેના સંચાલન ઉપર પ્રતિબંધ મુકવો ઉચિત જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર,) ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) -૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે દેશની આંતરિક સુરક્ષા અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારું અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારને “નો ડ્રોન ફલાય ઝોન” જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા તમામ પ્રકારના ડ્રોન (DRONE), UAV, ક્વાડ કોપ્ટર (QUAD COPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/ પેરાગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ઉડાવવાની મનાઈ ફરમાવું છું.

-:અપવાદ :-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:અમલવારીનો સમયગાળો :-

આ હુકમ તા.૧૯/૦૫/૨૦૨૫ ના કલાક ૧૯/૦૦ થી તા.૩૧/૦૫/૨૦૨૫ કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

વંચાણે લીધા :-

અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા. વ્ય.) વિભાગ ગુ.રા., ગાંધીનગરના પત્ર ક્રમાંક : જી-૧/કા.વ્ય.-૨/ડઉવ-૨૭/૩૨૭/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/૫૨મીટ/ નો ડ્રોન ફલાય એરિયા/૫૯/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫.-હાલની પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને રાજ્યની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નનર વિસ્તારમાં માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો

સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણોના (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ઉડાવવા ઉપર કે તેના સંચાલન ઉપર પ્રતિબંધ મુકવો ઉચિત જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર,) ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) -૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે દેશની આંતરિક સુરક્ષા અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારું અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં "નો ડ્રોન ફલાય ઝોન" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા તમામ પ્રકારના ડ્રોન (DRONE), UAV, ક્વાડ કોપ્ટર (QUAD COPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/ પેરાગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ઉડાવવાની મનાઇ ફરમાવું છું.

-:અપવાદ :-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમ તા.૧૦/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૫/૦૫/૨૦૨૫ કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

વંચાણે લીધા:-

(૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫, અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૫/આરબી/૨૮૯૦/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫ તથા;

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨, અમદાવાદ શહેરનાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૨/૨૪૭૧/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫.

-:જાહેરનામું :-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક: વિ.શા/એ-સેકશન/ પરમીટ/ હથિયારબંધી-જાહેરનામું/૬૦/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫.-અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/ છરી/ ચપ્પુ/ ગુપ્તી/ લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચિ ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૧૨/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૬/૦૫/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: કૃત્યો:-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની.

(ખ) પરવાનાવાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ચ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(છ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:અપવાદ :-

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ:

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને.

૩. પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈ પણ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતઓને.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા :

૧. ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૨૮/૨/૨૦૨૨ ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તથા

૨. પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર નાઓના તા.૨૮/૨/૨૦૨૨ ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ નંબર : વિ.શા./એ-એક્શન/ જાહેરનામું /૨૪/૨૦૨૨ તથા

૩. પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪/૨૦૨૨, તા.૮/૧/૨૦૨૨ તથા

૪. પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૬/૨૦૨૨, તા.૧૧/૨/૨૦૨૨ તથા

૫. પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૭/૨૦૨૨, તા.૨/૩/૨૦૨૨ અન્વયે.

જાહેરનામું

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૨/૨૦૨૫.-હું, જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ ની સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં નીચે જણાવ્યા મુજબની વિગતેના વાહનો પ્રવેશી શકે તે માટે પ્રાયોગિક ધોરણે ફક્ત એક માસ માટે જાહેરનામામાં સુધારો કરી નીચે મુજબનો હુકમ કરૂ છું.

અમદાવાદ શહેરમાં કલાક ૧૩.૦૦ થી ૧૬.૦૦ દરમિયાન તમામ પ્રકારના ભારે તથા મધ્યમ ગુડ્ઝ વ્હીકલને નીચે જણાવ્યા મુજબના માર્ગ ઉપર જવા આવવાની છુટછાટ આપવામાં આવે છે. આ ગુડ્ઝ વ્હીકલ નિયત કરેલ સમય અને રુટ ઉપર જ અવર-જવર કરી શકશે. તે સિવાય જો અવર-જવર કરતા જણાઇ આવશે તો જાહેરનામાનો ભંગ ગણાશે.

- સરદાર પટેલ રિંગ રોડ ઉપર આવેલ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારના કમોડ સર્કલથી અંદરના ભાગથી ટોરેન્ટ પાવર સ્ટેશન સુધીના માર્ગ પર અવર જવર કરી શકાશે.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૧/૫/૨૦૨૫ થી તા.૩૧/૫/૨૦૨૫ સુધી કલાક ૦૮.૦૦ થી ૧૩.૦૦ તથા ૧૬.૦૦ થી ૨૩.૦૦ સુધી કરવાનો રહેશે.

તા.૩૧/૫/૨૦૨૫ ના રાત્રી કલાક ૨૪.૦૦ બાદ આ એક માસ માટે પ્રસિદ્ધ કરેલ જાહેરનામું આપોઆપ 'રદ' થઈ જશે અને આમુખ (૫) પ્રસિદ્ધ કરેલ જાહેરનામું તા.૧/૬/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી અમલમાં આવશે અને તે મુજબ બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલ કરવાનો રહેશે.

બાકીની તમામ વિગતો અને હુકમ આમુખ (૫) પ્રસિદ્ધ કરેલ જાહેરનામા મુજબ યથાવત રાખવામાં આવે છે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૮/૪/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જી.એસ મલિક
પોલીસ કમિશનર
અમદાવાદ (શહેર)

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું: પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાનો પત્ર ક્રમાંક: L.I.B/૩૭(૧)-૩૭(૩) જાહેરનામું/૧૨૧૪/૨૦૨૫, તા. ૨૮/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ ૩૭ (૩) મુજબ

નં.ડી.સી/એમ.એ.જી./જાહેરનામું /૩૭(૩)/વશી/૫૯૬/૨૦૨૫.-અરવલ્લી જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી વિના જાહેર સ્થળોએ ધરણાં, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમમાં પાંચ અથવા વધુ વ્યક્તિઓ એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારુ જાહેર સ્થળે પાંચ અથવા વધુ વ્યક્તિઓ એકઠા ન થાય તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા આમુખ પત્રથી પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી, મોડાસાએ અત્રે દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વાજબી જણાય છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી, જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, અરવલ્લી જિલ્લો, મોડાસા

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ ૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના સમગ્ર શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં તા. ૦૧/૦૮/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા. ૧૫/૦૮/૨૦૨૫ના કલાક ૨૪.૦૦ (બંને દિવસો સહિત) સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી વિના જાહેર સ્થળોએ અનધિકૃત રીતે / ગેરકાયદેસર રીતે પાંચ અથવા વધુ વ્યક્તિઓ એકત્રિત થવા પર તથા કોઈ સભા ભરવા કે બોલાવવા અને કોઈપણ જાતના સભા - સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં, આદેશ કરું છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં / ફરજ ઉપર હાજર હોય તેવી વ્યક્તિઓને;

(૨) કોઈ લગ્નના વરઘોડાને;

(૩) કોઈ સ્મશાન યાત્રાને.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૧૩૫ (૩) હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૮મી જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વંચાણે લીધું: પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાનો પત્ર ક્રમાંક: L.I.B/૩૭(૧)-૩૭(૩) જાહેરનામું/૧૨૧૪/૨૦૨૫, તા. ૨૮/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ ૩૭ (૧) મુજબ

નં. ડીસી/એમ.એ.જી./જાહેરનામું/૩૭(૧)/વશી/૧૨૧૪/૨૦૨૫.- અરવલ્લી જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ સાવચેતીનાં પગલાંરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ - ૩૭ (૧) મુજબનું હથિયારબંધી અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાએ આમુખના પત્રથી દરખાસ્ત કરી છે. જે વાજબી જણાય છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, અરવલ્લી જિલ્લો, મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ આથી અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૧/૦૮/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા. ૧૫/૦૮/૨૦૨૫ના કલાક ૨૪.૦૦ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહે તે રીતે સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(એ) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા શારીરિક હિસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની,

(બી) કોઈ પણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(સી) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ડી) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ઈ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવાની,

(એફ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની,

(જી) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા

વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઊથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

અપવાદ: આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિં.

૧. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી; અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી; સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીશ્રીઓ, શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી રાખતા વૃધ્ધ વ્યક્તિ તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનારને;

૨. સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું આવશ્યક હોય;

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યક્તિઓને;

૪. ખેતીના કામે ઓજારો લઈ જતા ખેડૂતોને;

૫. સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં અધિકૃત વ્યક્તિઓને;

૬. કોઈ પણ અંતિમયાત્રાને,

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૧૩૫ (૧) હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાધકિારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૮મી જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું ::

નં.એમએજી/તહેવાર/વશી.૨૯૬૬ થી ૩૦૦૦/૨૦૨૫.-સુરત ગ્રામ્ય જીલ્લામાં આગામી દિવસોમાં અગત્યના ધાર્મિક તહેવારો આવતા હોય અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું 9.

-: પ્રતિબંધિત કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ઘકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જીલ્લા પોલીસ વડાશ્રી (રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશક્તિને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

-: વિસ્તાર :-

"જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે *

-: અમલવારીનો સમય :-

આ હુકમની અમલવારી તા.૨૭/૦૪/૨૦૨૫ થી તા.૦૧/૦૫/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

-: શિક્ષા :-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ- ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું ::

નં.એમએજી/જાહેરનામું/વશી.૩૦૦૧ થી ૩૦૩૩/૨૦૨૫.- સુરત જીલ્લામાં આગામી તા.૨૯/૦૪/૨૦૨૫ ના રોજ પરશુરામ જયંતિ તહેવારની ઉજવણી તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઈ રહે તે સારૂ જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

-: પ્રતિબંધિત કૃત્યો :-

જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

-: અપવાદ :-

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-: વિસ્તાર :-

" જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે "

-: અમલવારીનો સમય :-

આ હુકમની અમલવારી તા. ૨૭/૦૪/૨૦૨૫ થી તા.૦૧/૦૫/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

-: શિક્ષા :-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું::

નં.એમએજી/જાહેરનામું/વશી.૩૨૧૮ થી ૩૨૪૯/૨૫.-ગૃહ વિભાગ, ગાંધીનગરના તા.૦૫/૦૫/૨૦૨૫ના પત્ર થી વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયો (નદી, તળાવ, નહેર, દરીયા)માં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા અંગે સુચના આપવામાં આવેલ છે. જેથી સુરત જીલ્લા ગ્રામ્ય વિસ્તાર (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) જેમાં આવેલ જુદા જુદા જળાશયો (નદી, તળાવ,નહેર,દરીયા) માં લોકો ન્હાવા પડતા હોય છે. તાજેતરમાં ન્હાવા પડેલ વ્યક્તિના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ સરકારશ્રીના ધ્યાને આવેલ છે જે અતિ ગંભીર બાબત ગણવામાં આવેલ છે. સબડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી દ્વારા તેમના ગ્રામ્ય વિસ્તારના તાલુકાઓમાં નીચે જણાવેલ સ્થળો કે જે ભયજનક સ્થળો છે. તેની યાદી રજુ કરેલ છે.

વાસ્તે, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, સુરત ગ્રામ્ય વિસ્તાર (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય)માં નીચે જણાવેલ વિસ્તારોમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

:: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત ગ્રામ્ય વિસ્તાર(પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) માં નીચે જણાવેલ વિસ્તારોમાં લોકોની અવર-જવર જાહેર જનતા/સહેલાણીઓને નદી, તળાવ, નહેર, દરીયાના પાણીમાં પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ક્રમ	નદી, તળાવ,નહેર,દરીયાઈ વિસ્તાર	સંલગ્ન ગામનું નામ
૧.	ગાય પગલા મંદિર (તાપી નદી ઓવારો)	ધોરણ પારડી, તા.કામરેજ
૨.	ગલતેશ્વર મહાદેવ મંદિર (તાપી નદી ઓવારો)	ટીંબા તા.કામરેજ
૩.	તાપી નદી કિનારા વિસ્તાર	ડુંગરા તા.કામરેજ
૪.	ભાલિયાવાડ ઓવારો	કામરેજ તા.કામરેજ
૫.	માછીવાડ ઓવારો	કામરેજ તા.કામરેજ
૬.	થાણા ઓવારો	કામરેજ તા.કામરેજ
૭.	ઉભેળ તળાવ તથા ખંડુપુર	ઉભેળ તા.કામરેજ
૮.	ઓરણા તળાવ	ઓરણા તા.કામરેજ
૯.	સેગવા તળાવ	સેગવા, તા.કામરેજ
૧૦.	ઈંટાળવા તળાવ	ગામ ઈંટાળવા તા.પલસાણા
૧૧.	મામાદેવ મંદિર તળાવ	ગામ-વાંકાનેડા તા.પલસાણા
૧૨.	બગુમરા કેનાલ તા.પલસાણા	બગુમરા કેનાલ તા.પલસાણા
૧૩.	રીવરફ્રન્ટ બારડોલી- બારડોલી	રીવરફ્રન્ટ બારડોલી-બારડોલી
૧૪.	હરીપુરા કોઝ વે- હરીપુરા	હરીપુરા કોઝ વે- હરીપુરા તા.બારડોલી
૧૫.	વાઘેચા મંદિર તાપી નદી પાસે- વાઘેચા	વાઘેચા મંદિર તાપી નદી પાસે- વાઘેચા તા.બારડોલી
૧૬.	ઉવા ગામે નહેર- ઉવા	ઉવા ગામે નહેર- ઉવા તા.બારડોલી
૧૭.	તેન ગામે નહેર- તેન	તેન ગામે નહેર- તેન તા.બારડોલી
૧૮.	અલ્લુ ગામે નહેર- અલ્લુ	અલ્લુ ગામે નહેર- અલ્લુ તા.બારડોલી
૧૯.	તરભોણ તળાવ- તરભોણ	તરભોણ તળાવ- તરભોણ તા.બારડોલી
૨૦.	જોરાવરપીર અંબિકા નદી પાસેનો કિનારો- કુંભકોતર	કુંભકોતર તા.મહુવા
૨૧.	અનાવલ શુકલેશ્વર મહાદેવ પાસે કાવેરી નદીનો કિનારો- અનાવલ	અનાવલ તા.મહુવા
૨૨.	બામણીયા ભુત પાસે અંબિકા નદીનો કિનારો- ઉમરા	ઉમરા તા.મહુવા
૨૩.	ફુલવાડી તળાવ- ફુલવાડી	ફુલવાડી તા.મહુવા
૨૪.	ઉમરા મધર ઈન્ડિયા ડેમ- ઉમરા	ઉમરા તા.મહુવા
૨૫.	મહુવા શંકર તલાવડી	મહુવા તા.મહુવા
૨૬.	ફુલવાડી તળાવ- ફુલવાડી	ફુલવાડી તા.મહુવા
૨૭.	અનાવલ તળાવ- અનાવલ	અનાવલ તા.મહુવા
૨૮.	ગુણસવેલ તળાવ- ગુણસવેલ	ગુણસવેલ તા.મહુવા
૨૯.	ધોળીકુઈ બસ સ્ટેન્ડ પાસે તળાવ- ધોળીકુઈ	ધોળીકુઈ તા.મહુવા
૩૧.	ડભારી દરિયાઈ બીચ	ડભારી તા.ઓલપાડ
૩૨.	મોર-ભગવા-દાંડી દરિયાઈ વિસ્તાર	મોર-ભગવા-દાંડી તા.ઓલપાડ
૩૩.	દેવઘાટ	દેવઘાટ તા.ઉમરપાડા
૩૪.	માયા તળાવ- કાલીબેલ	માંડવી તા.માંડવી
૩૫.	વરેઠી ગામનું તળાવ	વરેઠી તા.માંડવી
૩૬.	તડકેશ્વર ગામે આવેલ તળાવ	તડકેશ્વર તા.માંડવી
૩૭.	નૌગામા ગામે આવેલ તળાવ	નૌગામા તા.માંડવી

ક્રમ	નદી, તળાવ,નહેર,દરીયાઈ વિસ્તાર	સંલગ્ન ગામનું નામ
૩૮.	વડોદ ગામે આવેલ તળાવ	વડોદ તા.માંડવી
૩૯.	અરેઠ ગામે આવેલ તળાવ	અરેઠ તા.માંડવી
૪૦.	માંડવી નગરપાલિકા વિસ્તારમાં તાપી નદીનો ૧૫૦૦ મીટર લંબાઈ ધરાવતો પટ વિસ્તાર	માંડવી તા.માંડવી
૪૧.	બલાલતીર્થ (તાપી નદી પરનું સ્થળ)	બલાલતીર્થ તા.માંડવી
૪૨.	વરેઠ (તાપી નદી પરનું સ્થળ)	વરેઠ તા.માંડવી
૪૩.	નાનીચેર (તાપી નદી પરનું સ્થળ)	નાનીચેર તા.માંડવી
૪૪.	મોટી ચેર (તાપી નદી પરનું સ્થળ)	મોટી ચેર તા.માંડવી
૪૫.	રતનીયા (તાપી નદી પરનું સ્થળ)	રતનીયા તા.માંડવી
૪૬.	તરસાડા બાર (તાપી નદી પરનું સ્થળ)	તરસાડા બાર તા.માંડવી
૪૭.	વાઘનેરા (તાપી નદી પરનું સ્થળ)	વાઘનેરા તા.માંડવી
૪૮.	રૂપણ (તાપી નદી પરનું સ્થળ)	રૂપણ તા.માંડવી
૪૯.	કાકડવા (તાપી નદી પરનું સ્થળ)	કાકડવા તા.માંડવી
૫૦.	ખેડપુર (તાપી નદી પરનું સ્થળ)	ખેડપુર તા.માંડવી
૫૧.	વરજાખણ (તાપી નદી પરનું સ્થળ)	વરજાખણ તા.માંડવી
૫૨.	જાખલા (તાપી નદી પરનું સ્થળ)	જાખલા તા.માંડવી
૫૩.	કોસાડી (તાપી નદી પરનું સ્થળ)	કોસાડી તા.માંડવી
૫૪.	ઉન (તાપી નદી પરનું સ્થળ)	ઉન તા.માંડવી
૫૫.	ઉમરસાડી (તાપી નદી પરનું સ્થળ)	ઉમરસાડી તા.માંડવી
૫૬.	કમલાપોર (તાપી નદી પરનું સ્થળ)	કમલાપોર તા.માંડવી
૫૭.	ગવાછી (તાપી નદી પરનું સ્થળ)	ગવાછી તા.માંડવી
૫૭.	પીપરીયા (તાપી નદી પરનું સ્થળ)	પીપરીયા તા.માંડવી
૫૮.	પાટણા (તાપી નદી પરનું સ્થળ)	પાટણા તા.માંડવી
૫૯.	વરેલી (તાપી નદી પરનું સ્થળ)	વરેલી તા.માંડવી
૬૦.	પીચરવાણ (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	પીચરવાણ તા.માંડવી
૬૧.	આમલી (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	આમલી તા.માંડવી
૬૨.	સોલી (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	સોલી તા.માંડવી
૬૩.	કરવલી (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	કરવલી તા.માંડવી
૬૪.	કીમડુંગરા (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	કીમડુંગરા તા.માંડવી
૬૫.	ફુલવાડી (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	ફુલવાડી તા.માંડવી
૬૬.	ગોડધા (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	ગોડધા તા.માંડવી
૬૭.	સાલૈયા (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	સાલૈયા તા.માંડવી
૬૮.	મોરીઠા (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	મોરીઠા તા.માંડવી
૬૯.	વલારગઢ (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	વલારગઢ તા.માંડવી
૭૦.	ગોડસંબા (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	ગોડસંબા તા.માંડવી
૭૧.	અમલસાડી (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	અમલસાડી તા.માંડવી
૭૨.	નંદપોર (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	નંદપોર તા.માંડવી
૭૩.	બોરી (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	બોરી તા.માંડવી
૭૪.	ગોદાવાડી (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	ગોદાવાડી તા.માંડવી

ક્રમ	નદી, તળાવ,નહેર,દરીયાઈ વિસ્તાર	સંલગ્ન ગામનું નામ
૭૫.	ખરોલી (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	ખરોલી તા.માંડવી
૭૬.	ગવાછી (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	ગવાછી તા.માંડવી
૭૭.	વરેલી (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	વરેલી તા.માંડવી
૭૮.	પીપરીયા (વરેહ નદીના તટે આવેલ સ્થળ)	પીપરીયા તા.માંડવી

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૦૮/૦૫/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૦૭/૦૬/૨૦૨૫ ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ:-૦૮/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો છે.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું::

નં.એમએજી/ફટાકડા ફોડવા-ડ્રોન પ્રતિબંધ/વશી ૩૩૩૦ થી ૩૩૬૨/૨૫.-પોલિસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્યના તા.૦૯/૦૫/૨૦૨૫ના પત્ર થી તાજેતરમાં કાશ્મીરના પહેલગામ ખાતે થયેલ આતંકવાદી હુમલા અન્વયે કરવામાં આવેલ કાર્યવાહી અનુસંધાને ભારતના સરહદી રાજયોમાં હુમલાઓ વિગેરેના સમાચાર ઈલેકટ્રોનિક/પ્રિન્ટ મિડીયાના માધ્યમથી લોકો સુધી પહોંચી રહેલ છે. આવા પ્રસંગે લગ્ન વિગેરેમાં ફોડવામાં આવતા ફટાકડા, રોકેટ વિગેરેને કારણે લોકોમાં ભયનો માહોલ બનવાની અને આ અનુસંધાને કોઈ અફવા ફેલાય તો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીને અસર થવાની સંભાવના છે. જેથી લગ્ન, વરઘોડા વિગેરેમાં ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ તથા અગત્યની સરકારી કચેરીઓ, વાઈટલ ઈન્સ્ટોલેશન સ્થળોની સુરક્ષા કરવાની જવાબદારી પોલીસની છે. UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને સુરત ગ્રામ્ય જિલ્લાની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં, તેમજ તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનેલ બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી અસામાજિક તત્વો સુરત ગ્રામ્ય જિલ્લામાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શક્યતા રહેલી છે. જેથી હાલની યુધ્ધની સ્થિતીને ધ્યાનમાં રાખીને ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ની કલમ ૧૬૩ મુજબનું જાહેરનામું આગામી તા.૧૫/૦૫/૨૦૨૫ સુધી અમલમાં રહે તે રીતેનુ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે વ્યાજબી જણાય છે.

વાસ્તે, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં કોઈ પણ સમયે તમામ પ્રકારના ફટાકડા ફોડવા તથા તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૦૯/૦૫/૨૦૨૫ થી તા.૧૫/૦૫/૨૦૨૫ ના કલાક: ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તારીખ:-૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો છે.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું ::

નં.એમએજી/ડાયવર્ઝન/વશી.૩૨૫૦ થી ૩૨૭૪/૨૫.-કાર્યપાલક ઈજનેર, પંચાયત મા.મ.વિભાગ, સુરત તા.૧૭/૦૩/૨૦૨૫ ના પત્રથી જણાવેલ છે કે, પરબ જોળવા રોડ કી.મી.૧/૪૦ થી ૧/૬૦ તા.કામરેજ જી.સુરતમાં મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના-૨૦૨૪-૨૫ હેઠળ બ્રિજની કામગીરી

મંજૂર થયેલ છે. આ બ્રિજમાં ૨-એબટમેન્ટ તથા ૨૪ મીટર લંબાઈનો સ્લેબ તથા બંને બાજુના એપ્રોચ મળીને કુલ 300.00 મીટરની કામગીરી કરવાની હોય. સદર કામને તા:-૨૫/૦૨/૨૦૨૫ થી કામ શરૂ કરવાનો વર્ક ઓર્ડર આપેલ છે, જે કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા અગિયાર માસ (તા:- ૨૪/૦૧/૨૦૨૬) સુધીની છે. કામ વહેલી ઝડપે પૂર્ણ કરવાનું આયોજન હોય તેથી જોળવા ગામ તરફથી આવતા વાહનોને જમણી બાજુ રસ્તો લઈ હલધરૂ ગામ થઈ ને પરબ ગામ જવા માટે રસ્તો ઉપલબ્ધ છે. જેની લંબાઈ ૫.૦૦ કિમી છે. જેથી ઉપર જાહેરનામુ તા.૨૪/૧૧/૨૦૨૫ સુધી રસ્તાના ટ્રાફિક ડાયવર્ઝન મંજૂરી આપવા વિનંતી છે.

સબબ તા.૧૨/૦૫/૨૦૨૫ થી તા.૨૪/૦૧/૨૦૨૬ દરમિયાન ટ્રાફિક નિયમન અંગેની કોઈ સમસ્યાઓ ઉપસ્થિત ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે ટ્રાફિક નિયમન અંગેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૧૨/૦૫/૨૦૨૫ થી તા.૨૪/૦૧/૨૦૨૬ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂં છું.

ક્રમ	ડાયવર્ઝનની વિગત	ડાયવર્ઝન આપેલ રૂટ
૧	જોળવા ગામ થી પરબ ગામ જવા-આવતા વાહનો માટે	જોળવા બાજુથી હલધરૂ રોડ થઈ પરબ રોડ (લંબાઈ ૫.૦૦ કિમી) પર થઈ પરબ તરફ આવવું/જવું

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે કાર્યપાલક ઈજનેર, પંચાયત મા.મ.વિભાગ, સુરતનાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઇ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું::

નં.એમએજી/ફટાકડા ફોડવા-ડ્રોન પ્રતિબંધ/વશી ૩૩૩૦ થી ૩૩૬૨/૨૫.-પોલિસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્યના તા.૦૯/૦૫/૨૦૨૫ના પત્ર થી તાજેતરમાં કાશ્મીરના પહેલગામ ખાતે થયેલ આતંકવાદી હુમલા અન્વયે કરવામાં આવેલ કાર્યવાહી અનુસંધાને ભારતના સરહદી રાજયોમાં હુમલાઓ વિગેરેના સમાચાર ઈલેકટ્રોનિક/પ્રિન્ટ મિડીયાના માધ્યમથી લોકો સુધી પહોંચી રહેલ છે. આવા પ્રસંગે લગ્ન વિગેરેમાં ફોડવામાં આવતા ફટાકડા, રોકેટ વિગેરેને કારણે લોકોમાં ભયનો માહોલ બનવાની અને આ અનુસંધાને કોઈ અફવા ફેલાય તો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીને અસર થવાની સંભાવના છે. જેથી લગ્ન, વરઘોડા વિગેરેમાં ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ તથા અગત્યની સરકારી કચેરીઓ, વાઈટલ ઈન્સ્ટોલેશન સ્થળોની સુરક્ષા કરવાની જવાબદારી પોલીસની છે. UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને સુરત ગ્રામ્ય જિલ્લાની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં, તેમજ તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનેલ બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી અસામાજિક તત્વો સુરત ગ્રામ્ય જિલ્લામાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શક્યતા રહેલી છે. જેથી હાલની યુધ્ધની સ્થિતીને ધ્યાનમાં રાખીને ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ની કલમ ૧૬૩ મુજબનું જાહેરનામું આગામી તા.૧૫/૦૫/૨૦૨૫ સુધી અમલમાં રહે તે રીતેનુ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે વ્યાજબી જણાય છે.

વાસ્તે, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં કોઈ પણ સમયે તમામ પ્રકારના ફટાકડા ફોડવા તથા તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૦૯/૦૫/૨૦૨૫ થી તા.૧૫/૦૫/૨૦૨૫ ના કલાક: ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તારીખ:-૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો છે.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું ::

નં.એમએજી/ડાયવર્ઝન/વશી.૩૨૫૦ થી ૩૨૭૪/૨૫.-કાર્યપાલક ઈજનેર, પંચાયત મા.મ.વિભાગ, સુરત તા.૧૭/૦૩/૨૦૨૫ ના પત્રથી જણાવેલ છે કે, પરબ જોળવા રોડ કી.મી.૧/૪૦ થી ૧/૬૦ તા.કામરેજ જી.સુરતમાં મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના-૨૦૨૪-૨૫ હેઠળ બ્રિજની કામગીરી મંજૂર થયેલ છે. આ બ્રિજમાં ૨-એબટમેન્ટ તથા ૨૪ મીટર લંબાઈનો સ્લેબ તથા બંને બાજુના એપ્રોચ મળીને કુલ 300.00 મીટરની કામગીરી કરવાની હોય. સદર કામને તા:-૨૫/૦૨/૨૦૨૫ થી કામ શરૂ કરવાનો વર્ક ઓર્ડર આપેલ છે, જે કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા અગિયાર માસ (તા:- ૨૪/૦૧/૨૦૨૬) સુધીની છે. કામ વહેલી ઝડપે પૂર્ણ કરવાનું આયોજન હોય તેથી જોળવા ગામ તરફથી આવતા વાહનોને જમણી બાજુ રસ્તો લઈ હલધરૂ ગામ થઈ ને પરબ ગામ જવા માટે રસ્તો ઉપલબ્ધ છે. જેની લંબાઈ ૫.૦૦ કિમી છે. જેથી ઉપર જાહેરનામુ તા.૨૪/૧૧/૨૦૨૫ સુધી રસ્તાના ટ્રાફિક ડાયવર્ઝન મંજૂરી આપવા વિનંતી છે.

સબબ તા.૧૨/૦૫/૨૦૨૫ થી તા.૨૪/૦૧/૨૦૨૬ દરમિયાન ટ્રાફિક નિયમન અંગેની કોઈ સમસ્યાઓ ઉપસ્થિત ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે ટ્રાફિક નિયમન અંગેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૧૨/૦૫/૨૦૨૫ થી તા.૨૪/૦૧/૨૦૨૬ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂં છું.

ક્રમ	ડાયવર્ઝનની વિગત	ડાયવર્ઝન આપેલ રૂટ
૧	જોળવા ગામ થી પરબ ગામ જવા-આવતા વાહનો માટે	જોળવા બાજુથી હલધરૂ રોડ થઈ પરબ રોડ (લંબાઈ ૫.૦૦ કિમી) પર થઈ પરબ તરફ આવવું/જવું

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે કાર્યપાલક ઈજનેર, પંચાયત મા.મ.વિભાગ, સુરતનાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઈ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું ::

નં.એમએજી/તહેવાર/વશી.૩૪૪૩ થી ૩૪૭૦/૨૦૨૫.-સુરત ગ્રામ્ય જીલ્લામાં પહલગામ ખાતે થયેલ પ્રવાસીઓ ઉપર થયેલ હુમલાબાદ ભારતીય સેના દ્વારા કરવામાં આવેલ ઓપરેશન સિંદુરની મળેલ સફળતાને વધાવવા/ઉજવણી કરવા સારૂ વિવિધ સંઘઠનો દ્વારા આગમી દિવસોમાં તિરંગા યાત્રા જેવા કાર્યક્રમો યોજવામાં આવે તેવી શક્યતા છે અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહીP

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ઘકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઇ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઇરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી(રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૧૪/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૫/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૩/૦૫/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું ::

નં.એમએજી/જાહેરનામું/વશી.૩૪૭૧ થી ૩૪૯૮/૨૫.-સુરત જિલ્લામાં પહલગામ ખાતે થયેલ પ્રવાસીઓ ઉપર થયેલ હુમલાબાદ ભારતીય સેના દ્વારા કરવામાં આવેલ ઓપરેશન સિંદુરની મળેલ સફળતાને વધાવવા/ઉજવણી કરવા સારૂ વિવિધ સંઘઠનો દ્વારા આગમી દિવસોમાં તિરંગા યાત્રા જેવા કાર્યક્રમો યોજવામાં આવે તેવી શક્યતા છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે સારૂ જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૧૪/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૫/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.એમએજી/શ્રમિક નાગરિકતા અને ઓળખ/જાહેરનામું/વશી.૩૪૧૦ થી ૩૪૪૨/૨૫.-સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ અલગ અલગ ઔધોગિક એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે છે. રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોનો કોઈ પૂર્વઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી નથી. જેના કારણે અસામાજીક તત્વો, ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યક્તિઓ અને ભારતીય નાગરિકતા નહીં ધરાવતી વ્યક્તિઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે આપણા દેશ અને રાજયની આંતરિક સુરક્ષા માટે યોગ્ય અને ઇચ્છનીય નથી. જેથી, ઉપરોકત બાબતે કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે આ શ્રમિકો/કામદારોનો પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગે જરૂરી ચકાસણી કરી/કરાવી તે અંગેની જાણ નજીકના પોલીસ સ્ટેશનને કરવામાં આવે તે જરૂર જણાય છે.

વાસ્તે, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અનૂવયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

(૧) પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ કારખાનેદાર, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉધોગ, હિરા ઉધોગ તથા અન્ય નાના-મોટા તમામ ઉધોગ સાથે સંકળાયેલા પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/ મજુરોની પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં તમામ કારખાનેદાર, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉધોગ, હિરા ઉધોગ તથા અન્ય ઉધોગ સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખેલા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરોની પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોકત મુદ્રા નંબર : ૧ અને ૨ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અ નં.	માલિકનું નામ, સરનામુ, ધંધાની વિગત, ટેલીફોન/ મોબાઈલ નંબર	કર્મચારી/ કારીગર/ મજુરનું પુરૂ નામ, ઓળખ, ચિન્હો, હાલનું પુરૂ સરનામુ, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુરની નાગરિકતા ની વિગત	અન્ય દેશની નાગરીકતા ધરાવતા કર્મચારી/ કારીગર/ મજુરની વિઝાની વિગત	કામે રાખેલ નોકરના મૂળ વતનનું સરનામુ, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુરને નોકરીએ રાખ્યાની તારીખ	કર્મચારી/ કારીગર/ મજુર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલીકનું પુરૂ નામ, સરનામુ	કર્મચારી/ કારીગર/ મજુરને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામુ	કર્મચારી/ કારીગર/ મજુરના બે થી ત્રણ સગા સંબંધિઓના પુરા નામ, સરનામા વતન સહિતના	કર્મચારી/ કારીગર/ મજુરનો ફોટો	હથિયાર ધરવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૧૩/૦૫/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૧૧/૦૭/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૧૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું::

નં.એમએજી/ફટાકડા ફોડવા-ડ્રોન પ્રતિબંધ/વશી ૩૫૯૩ થી ૩૬૨૬/૨૫.-પોલિસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્યના તા.૧૯/૦૫/૨૦૨૫ના પત્ર થી તાજેતરમાં કાશ્મીરના પહેલગામ ખાતે થયેલ આતંકવાદી હુમલા અન્વયે કરવામાં આવેલ કાર્યવાહી અનુસંધાને ભારતના સરહદી રાજયોમાં હુમલાઓ વિગેરેના સમાચાર ઈલેકટ્રોનિક/પ્રિન્ટ મિડીયાના માધ્યમથી લોકો સુધી પહોંચી રહેલ છે. આવા પ્રસંગે લગ્ન વિગેરેમાં ફોડવામાં આવતા ફટાકડા, રોકેટ વિગેરેને કારણે લોકોમાં ભયનો માહોલ બનવાની અને આ અનુસંધાને કોઈ અફવા ફેલાય તો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીને અસર થવાની સંભાવના છે. જેથી લગ્ન, વરઘોડા વિગેરેમાં ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ તથા અગત્યની સરકારી કચેરીઓ, વાઈટલ ઈન્સ્ટોલેશન સ્થળોની સુરક્ષા કરવાની જવાબદારી પોલીસની છે. UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને સુરત ગ્રામ્ય જિલ્લાની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં, તેમજ તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનેલ બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી અસામાજિક તત્વો સુરત ગ્રામ્ય જિલ્લામાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શક્યતા રહેલી છે. જેથી હાલની યુધ્ધની સ્થિતીને ધ્યાનમાં રાખીને ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ની કલમ ૧૬૩ મુજબનું જાહેરનામું આગામી તા.૧૫/૦૫/૨૦૨૫ સુધી અમલમાં રહે તે રીતેનુ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે વ્યાજબી જણાય છે.

વાસ્તે, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં કોઈ પણ સમયે તમામ પ્રકારના ફટાકડા ફોડવા તથા તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૨૧/૦૫/૨૦૨૫ થી તા.૩૦/૦૫/૨૦૨૫ ના કલાક: ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તારીખ:-૨૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો છે.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું. ::

નં.એમએજી/સીસીટીવી/જાહેરનામું/વશી.૨૭૦૭ થી ૨૭૩૮/૨૦૨૫.–હાલના પ્રર્વતમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અન્ય રાજયો કે દેશ બહારથી આવતા આંતકવાદી અને સમાજ વિરોધી માનસ ધરાવતા રાષ્ટ્ર વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળી કે લોકોની અવર-જવર વધુ હોય તેવા સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગુનાહિત પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેને લઈને નાગરીકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને નુકશાન થવા ઉપરાંત માનવ જીંદગીની ખુંવારી પણ થાય છે. લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને આ પ્રકારે નુકશાન ન થાય તથા માનવ જીંદગીની ખુંવારી ન થાય કે અસુરક્ષાની

ભાવના ઉભી ન થાય તે માટે તકેદારીના પગલા રૂપે સુરત ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, સોના-ચાંદી-ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ-કોમર્શીયલ-મોલ સેન્ટરો, પેટ્રોલ પંપ, ગેસ સ્ટેશનો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ટોલ પ્લાઝા, પાર્કિંગ, એ.ટી.એમ. વિગેરે જગ્યાઓએ નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિક્ષેપ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, ATM સેન્ટરો, સોના-ચાંદી તથા કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ-કોમર્શીયલ-મોલ સેન્ટરો, પેટ્રોલ પંપ, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, પાર્કિંગ, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. વિગેરે એકમો/સ્થળોના માલિકો/ ઉપભોકતાઓ/વહીવટ કર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશવાના તથા બહાર નિકળવાના દ્વાર ઉપર, રિસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા સહીત જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય તેવી અન્ય તમામ જગ્યાઓમાં લોકોની હીલચાલને આવરી લે તેવી રીતે અને તેટલી સંખ્યામાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સીસીટીવી કેમેરા સારી ગુણવતાવાળા, વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહન નંબર વાચી શકાય તેવા) ગોઠવવાના રહેશે તથા સીસીટીવી (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વિથ રેકોર્ડીંગ સિસ્ટમ વાળા તથા સરકારશ્રીના ગૃહ વિભાગ ધ્વારા નકકી કરેલ ગુણવત્તા વાળા જેવા કે, Image-Colour, Image-Sensor 1.3" Minimum. Support-TCP IP and Remote Monitoring, Resolution-600 TVI. Min. Compression- H.264 MJPEG. System Data Storege- 30 Days min. with Back Light Compensation and Night Vision Capability" ના રાખવા તથા કેમેરા પુરતી સંખ્યામાં અને સીસીટીવી કેમેરાના ફુટેજ ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોકતાઓ/વહીવટ કર્તાઓની રહેશે. સીસીટીવી કેમેરાની આ પ્રકારની વ્યવસ્થા ઉપરોકત તમામ કાર્યરત એકમોએ આ જાહેરનામાંની પ્રસિધ્ધિની તારીખથી દિન-૭ માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ પોતાની કામગીરી શરૂ કરવાની રહેશે.

-: સીસી ટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા :-

➢ તમામ સંબંધિત એકમોએ,

૧. કોઈપણ જગ્યાની અંદરના તમામ ભાગનું સંપુર્ણ કવરેજ સતત અને સ્પષ્ટ રીતે થાય તે રીતે ગોઠવવા.

૨. પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચેહરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

૩. બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી. ઝેડ કેમેરો ગોઠવવા.

૪. પાર્કીંગની જગ્યાએ સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

૫. રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાંથી પ્રવેશ/નિકાસ હોય ત્યા તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

૬. ટોલટેક્ષ ઉપર વાહનનો પ્રકાર, વાહનનો નંબર વાંચી શકાય અને તેમાં બેઠેલા વ્યકિતઓના ચહેરા જોઈ શકાય તે રીતેના નાઈટવિઝનના કેમેરા ગોઠવવા.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૨/૦૪/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૧૮/૦૬/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૨૧/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું ::

નં.એમએજી/ભંગારીયા/જાહેરનામું/વશી.૨૭૩૯ થી ૨૭૭૦/૨૦૨૫.–હાલના પ્રર્વતમાન સંજોગો તથા ગુમચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ બનાવો તેમજ ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ ધ્યાને લેતા જણાય છે કે, સુરત ગ્રામ્ય જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ એરીયા આવેલ હોય, જેમાં રોજગારી અર્થે પરપ્રાંતીય માણસો આવીને રહે છે અને સુરત ગ્રામ્ય જિલ્લાના પો.સ્ટે. વિસ્તારોમાં ધાડ, લુંટ, ઘરફોડ, ચોરી જેવા મિલકત સબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. જે મિલકત સબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો

ધંધો કરતા માણસો હોય છે. આ ભંગારના ધંધા વાળા ઈસમો ભંગારનો માલસામાન કોઈપણ વ્યકિત પાસેથી ખરીદતા હોય છે. જેના કારણે ભંગાર ઉઘરાવવાની ફેરી કરતા ઈસમો નાની મોટી ચોરીઓ કરી ભંગાર વેચાણ કરે છે. આવા પ્રકારની ચોરીનો માલ ભંગારનો ધંધો કરનાર ઈસમો રાખતા હોય પરંતુ લોકો કાયદેસરની પ્રક્રીયામાં પડવાના લીધે આવી નાની ચોરીઓની ફરીયાદો પણ કરતા હોતા નથી. ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો પૈકી મોટાભાગના ઈસમો પરપ્રાંતીયો હોય છે અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતા રહેતા હોય છે. જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે. સુરત ગ્રામ્ય જિલ્લામાં ચોરી, ધાડ, લુંટ, મિલકત સબંધી ગુનાઓ નોંધાય છે અને જેમાં ખાસ કરીને ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો મિલકત સબંધી ગુનાઓમાં સંડોવાયેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ સુરત ગ્રામ્ય વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો ઉપર નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિપેક્ષમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો ધ્વારા ભંગાર વેચવામાં કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

1. ભંગારનો ધંધો કરતા ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે. તે જગ્યા જો પોતાની માલીકીની હોય તો માલીકી પણાના દસ્તાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડાકરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતીપત્ર મેળવવાનું રહેશે. તેમજ ગેરકાયદેસર જમીનમાં ભંગારનો ધંધો કરી શકશે નહી.

2. ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે મુળ વતની હોય ત્યાંથી પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ લાવીને રાખવુ તેમજ જે જગ્યાએ હાલમાં રહેતા હોય ત્યાનું પણ પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવી રાખવાનું રહેશે.

3. ભંગારના ધંધામાં જેટલા માણસો કામે રાખેલ હોય તેઓના મુળ વતનના તેમજ જ્યાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવી રાખવાના રહેશે.

4. ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આઈ.ડી. પ્રુફની નકલ આપવાની રહેશે.

5. ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ કોઈ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ધ્યાન ઉપર આવે ત્યારે તુરંતજ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

6. ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે. તે વ્યકિતના આઈ.ડી. પ્રુફની વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના કોન્ટેકટ નંબરની માહિતી દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

7. જયારે કોઈપણ વાહન વેચાવવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી.બુક વિના વેચાણ કે ખરીદી કરી શકશે નહી તથા આવા વાહનના એન્જીન નંબર તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહિતીની તાત્કાલીક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૨/૦૪/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૧૮/૦૬/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ : ૨૧/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.એમએજી/ભાડાની મિલ્કત/જાહેરનામું/વશી.૨૭૭૧ થી ૨૮૦૨/૨૦૨૫.–હાલના પ્રર્વતમાન સંજોગોમાં તથા ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને ભૂતકાળમાં સુરત શહેરમાં મળી આવેલ બોમ્બ તથા અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ ધડાકાના ગંભીર બનાવોથી જણાય છે કે, આવુ કૃત્ય કરનાર ત્રાસવાદી/અસામાજીક તત્વો ગીચ વસ્તીવાળા વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો, માર્કેટો (કોમર્શીયલ કોમ્પ્લેક્ષ) માં ગુપ્ત આશરો મેળવી આંતકવાદી પ્રવૃત્તિ કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. જેથી જાહેર સંપત્તિ તેમજ લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય માનવ જીંદગીની ખુવારી થાય તેવા ગુનૂહાહિત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતિમાં જોખમ ઉભું કરે છે.

દેશના અન્ય રાજયમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો પોતાનો હેતુ પાર પાડવા કોઈના મકાન, ધંધાના એકમો, દુકાનો, ઓફિસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તાર વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી આપવામાં આવતા રહેણાંક મકાન, ધંધાના એકમો, ઔદ્યોગિક એકમો, દુકાન, ઓફિસ વગેરેના માલિકો ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં કોઈ રહેણાંક મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ, જયારે મકાન/ દુકાન/ ઓફિસ કે ઔદ્યોગિક એકમો ભાડે આપે કે આપેલ છે, તેવા મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમોના માલીકો/ સંચાલકોએ માહિતી તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમો ભાડે આપી શકાશે નહીં. હવે પછી ભાડે આપવાના હોય તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી તૈયાર કરી મકાન/દુકાન/ઓફિસ અને ઔદ્યોગિક એકમોના માલિકો/સંચાલકોએ જે તે વિસ્તારના સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નંબર : ૧ અને ૨ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અ.નં.	મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગીક એકમના માલીકનું નામ, સરનામુ, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગીક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	ભાડે આપેલ મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગીક એકમની વિગત, કયાં વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગીક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	જે વ્યક્તિને ભાડે આપેલ છે તેનું પુરૂ નામ, હાલનું સરનામું ફોટા સાથે.	જે વ્યક્તિને ભાડે આપેલ તેમના મુળ વતનનું પાકા નામ, સરનામાં તથા બે થી ત્રણ સગા સંબંધીઓના નામ, સરનામા.	મકાન/દુકાન/ ઓફિસ તથા ઔદ્યોગીક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગીક એકમ જે ભાડે આપેલ છે તે લીવ લાયસન્સના કરારથી આપેલ છે કે કેમ ?
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૨/૦૪/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૧૮/૦૬/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૨૧/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું::

નં.એમએજી/સીકયુરીટી ગાર્ડ/જાહેરનામું/વશી.૨૮૦૩ થી ૨૮૩૪/૨૦૨૫.–સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના કર્મચારીઓ કે તેના ગાર્ડ પોતાના લાયસન્સવાળા હથિયારો લઈને જાહેર જગ્યામાં ફરે છે અને તેઓ પોતાના હથિયારોનો ઉપયોગ જમીનના વિવાદોમાં, લોનના હપ્તા ઉઘરાવવામાં કરતા હોય છે. આ કામે તેઓ હથિયારો બીજા રાજયમાંથી ઓલ ઈન્ડિયા લાયસન્સ મેળવી તેનો સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઉપયોગ કરે છે. જેને લઈને ઘણા-ખરા બનાવોમાં બિનજરૂરી કારણ વગર આડેધડ ફાયરીંગ કરવાના કે જે સ્થળે આવા સિકયુરીટી ગાર્ડ તેની ફરજ બજાવતા ત્યારે તેની ફરજ દરમ્યાન સંબંધિત કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ કે મિલકત સંબંધી ગંભીર પ્રકારના ગુનાઓ આચરવાના બનાવ બનવા પામેલ છે. તો કેટલાક કિસ્સામાં આવા પરપ્રાંતિય હથિયાર ધારક ઈસમ બનાવટી

લાયસન્સથી પણ હથિયાર મેળવી સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ. તેના પર નિયંત્રણ હોવું જરૂરી છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં સિકયુરીટી કંપની ચલાવતા માલિકો/સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગત જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આવા પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તેમજ લાયસન્સ જે-તે સિકયુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગેરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં આવેલ તમામ રાષ્ટ્રીયકૃત/ખાનગી/સહકારી બેન્કોએ પોતાની બેન્કોમાં તેમજ એ.ટી.એમ. મશીન ઉપર ફરજ બજાવતા ખાનગી સિકયુરીટી એજન્સીના હથિયારી/બિનહથિયારી ગાર્ડનો બાયોડેટા સહિતની માહિતી ફરજીયાત પણે નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. તેમજ હથિયારી ગાર્ડ હોય તો હથિયાર તથા લાઈસન્સની વિગતો નજીના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. બેન્કમાં ફરજ બજાવત ગાર્ડની માહિતી રજુ કરવાની જવાબદારી બેન્ક મેનેજર/સંચાલકની રહેશે.

ઉપરોકત મુદ્દા નંબર : ૧ અને ૨ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ ગાર્ડ વાઈઝ અલગ-અલગ ભરવાની રહેશે.

અ.નં.	વિગત	
૧.	સિકયુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ/માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર	
૨.	પરપ્રાંતિય સિકયુરીટી ગાર્ડ હથિયારી/બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો. સ્ટે.નું નામ, હાલનું સરનામું, ટેલીફોન નંબર	
૩.	સિકયુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર	
૪.	નોકરીએ રાખ્યાની તારીખ	
૫.	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂનામ, સરનામું	
૬.	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત થતા ગનની વિગત	
૭.	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	
૮.	સિકયુરીટી ગાર્ડનો ફોટો	

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૨/૦૪/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૧૮/૦૬/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૨૧/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.એમએજી/ગેસ્ટહાઉસ/જાહેરનામું/વશી.૨૮૩૫ થી ૨૮૬૬/૨૦૨૫.–હાલના પ્રર્વતમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને ભૂતકાળમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક પ્રવૃત્તિ કરતા તત્વો લોકો સાથે ભળી ગીચ વસ્તીવાળા વિસ્તારમાં આવેલ

હોટલ, લોજ, ગેસ્ટ હાઉસ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતીનો ભંગ થાય, માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર કે લોકોની ખાનગી સંપતિને નુકશાન થાય તે પ્રકારની પ્રવૃતિ કરવાની કોશીષ કરતા હોય છે. તેમજ સુરત ગ્રામ્ય જીલ્લામાંથી અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પણ પસાર થાય છે. જેથી આવા હોટલ/ગેસ્ટ હાઉસમાં ત્રાસવાદી સંગઠનના માણસો રોકાઈ ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપવાની સંભાવના રહેલી છે. આ સંજોગોમાં આવા તત્વો બાબતે સંપુર્ણ માહિતી મેળવી શકાય તેમજ તેમના ઉપર અંકુશ લાવી શકાય તે સારૂ હોટલ, ગેસ્ટ હાઉસના માલિકો/સંચાલકોનો સહકાર બહુ જ અગત્યનો છે. આ અંગે ગેસ્ટહાઉસ/હોટલના માલિકોએ નિયમોનું પાલન કરવા તેમજ હોટલ/ગેસ્ટ હાઉસના માલિકોએ ગ્રાહકની રજીસ્ટરમાં એન્ટ્રીની સાથે દરેક હોટલ પોતાના રીસેપ્શન ઉપર ઈન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવુ જેમાં PATHIK (Programe for Analysis of Traveller & Hotel innformatik) સોફ્ટવેરમાં એન્ટ્રી કરવાની રહેશે.

બહારના રાજયોમાંથી કે પરદેશથી આવતા આવા ગુનાહિત માનસ ધરાવતા તત્વો કે ઈસમો કોઈના મકાન ભાડે રાખીને અથવા હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટહાઉસ વિગેરેમાં મુસાફર તરીકે રોકાય જે-તે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને પોતાની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપી સરકારી, ખાનગી માલ-મિલ્કતનો તેમજ લોકોની જાનહાની થાય તેવું કૃત્ય કરતા લોકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ ભાડેથી આપતા માલિકો/સંચાલકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિક્ષેપ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં આ પ્રકારની મિલ્કત ધરાવતા માલિકોએ, સંચાલકોએ મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ ગેસ્ટહાઉસમાં કોઈ પણ વિદેશીઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય આવી કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ તેના સંચાલકો/માલિકો દ્વારા ભાડે આપી શકશે નહિ.

૧. હોટલ, લોજ, ગેસ્ટહાઉસ, બોર્ડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઈલ કોપી સહીતની વિગતો લેવી.

૨. વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામાં અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

૩. વિદેશી નાગરીકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ ના નિયત નમુના મુજબના ફોર્મમાં નજીકના પોલીસ સ્ટેશનમાં તથા એસ.ઓ.જી. શાખા કોસમાડી પાટીયા ખાતે ૨૪ કલાકમાં રિપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

૪. અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ, ગેસ્ટહાઉસ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

૫. વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નકકર પુરાવા મેળવવા.

૬. સુરત જીલ્લામાં કઈ જગ્યાએ, કયા કામ માટે, કોને-કોને મળવાના છે? કેટલો સમય રોકાવવાના છે ? તેની તેમજ વિદેશી નાગરિકોનો મોબાઈલ નંબર સહિતની સંપુર્ણ વિગત મેળવી રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

૭. કોઈપણ મુસાફરની હીલચાલ શંકાસ્પદ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

૮. હોટલ, લોજ, ગેસ્ટહાઉસ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

૯. હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટહાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે. તેમજ દરેક મુસાફરો પાસેથી ફોટો આઈ.ડી. પ્રુફ (ઓળખપત્ર) વેરીફાઈ કરી તેની નકલ મેળવી રાખવાની રહેશે.

૧૦. હોટલ/ગેસ્ટ હાઉસના માલિકોએ ગ્રાહકની રજીસ્ટરમાં એન્ટ્રીની સાથે દરેક હોટલ પોતાના રીસેપ્શન ઉપર ઈન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવુ જેમાં PATHIK (Programe for Analysis of Traveller & Hotel innformatik) સોફ્ટવેરમાં કરવાની રહેશે.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૨/૦૪/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૧૮/૦૬/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૨૧/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું.

નં.એમએજી/લે.કો.-૨૫/વશી.૧૯૧૫ થી ૧૯૫૦/૨૫.-ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા બારડોલીએ તા.૨૧/૦/૨૦૨૫ ના પત્રથી અત્રેના કાર્યક્ષેત્ર હેઠળના બારડોલી-મઢી વચ્ચેના રેલ્વે ક્રોસીંગ નં.૨૫ રેલ્વે પોલ નં.૨૭/૧૫ થી ૨૭/૧૬ ખાતે રોડ ઓવરબ્રીજ બનાવવાના કામે તા.૨૫/૦૯/૨૦૨૫ સુધી કાયદો અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ બંધ કરવાનો હોવાથી, સદરહું સમયગાળા દરમ્યાન આ રૂટનો વાહન વ્યવહાર સરળતાથી ચાલે અને કોઈ ટ્રાફીક અવરોધ ઉભો ન થાય અને જાહેર જનતાની સલામતી જળવાઇ રહે તે માટે લોકહિતમાં વાહનો માટે ટ્રાફીક ડાથવર્ઝન કરવાનું જરૂરી જણાતું હોય, આ કામે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત સદર રેલ્વે ક્રોસીંગ નં.૨૫, તા.૨૫/૦૯/૨૦૨૫ સુધીની મુદત સુધી બંધ રાખવા ઠરાવુ છું તથા સદરહું સમય દરમ્યાન નીચે જણાવ્યા મુજબના રૂટ ઉપર ટ્રાફિક ડાયવર્ટ કરવા ફરમાવું છું.

રેલ્વે ફાટક નં.૨૫ ખાતે રોડ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી માટે બંધ રહે તે દરમ્યાન તેના વિકલ્પ તરીકે વાહન વ્યવહાર તથા લોકોની અવર-જવર માટે

(૧) અસ્તાન ગામ, ધામડોદ ગામ તથા કડોદ ગામ તરફથી બારડોલી નગરપાલીકા તથા બાબેન સુગર ફેક્ટરી તરફ જવા માટે ભારે તથા લાઈટ વાહનોની અવરજવર માટે અસ્તાન કેનાલ રોડ નો ઉપયોગ કરી શકાશે.

(૨) અસ્તાનગામ, ધામડોદગામ તથા કડોદગામ તરફથી બારડોલી નગરપાલિકા તરફ જવા માટે ભારે તથા લાઈટ વાહનોની અવરજવર માટે તરસાડા, કડોદ, બારડોલી સરભોણ નવસારી રોડ (એલ.સી.નં.૨૬)ની ઉપયોગ કરી શકાશે.

(૩) બારડોલી નગરપાલિકા તથા બાબેન ગામથી અસ્તાનગામ, ધામડોદગામ તથા કડોદગામ તરફ જવા માટે ભારે તથા લાઈટ વાહનોની અવર જવર માટે અસ્તાન કેનાલ રોડ નો ઉપયોગ કરી શકાશે.

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા બારડોલીએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઈ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:-૨૪/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

વિજય રબારી
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

// વાંચ્યા //

- જિલ્લા કમાન્ડન્ટશ્રી, હોમગાર્ડઝ છોટાઉદેપુરનાઓના તા.૨૮/૦૪/૨૦૨૫ ના પત્ર જા.નં.-જીક/સીએચજી/તલમ/૧૯૨/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૪) હેઠળનું.

નં.એમએજી/વશી/૮૪૩/૨૦૨૫.-જિલ્લા કમાન્ડન્ટશ્રી, હોમગાર્ડઝ છોટાઉદેપુરનાઓના આમુખ હેઠળના પત્રથી તા.૨૨/૦૪/૨૦૨૫ થી તા.૦૫/૦૫/૨૦૨૫, દિન-૧૪ સુધી હોમગાર્ડઝ સભ્યોનો રાજ્યકક્ષાના મહિલા એડવાન્સ તાલીમ કેમ્પ સેન્ટ્રલ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ, હોમગાર્ડઝ, જરોદ, તા.વાઘોડીયા, જિ.વડોદરા ખાતે રાખવાનું આયોજન થયેલ છે.

રાજ્યકક્ષાના મહિલા એડવાન્સ તાલીમ કેમ્પનાં હોમગાર્ડઝ તાલીમાર્થી સભ્યોની તા.૦૩/૦૫/૨૦૨૫ થી તા.૦૪/૦૫/૨૦૨૫ દિન-૨ ના રોજ .૨૨" રાઈફલની ફાયરીંગ પ્રેકટીસ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના બહાદરપુર ફાયરીંગ બટ ખાતે યોજવામાં આવનાર છે. બહાદરપુર

ફાયરીંગ બટ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ, છોટાઉદેપુર હસ્તક છે અને આ સમયગાળા દરમિયાન જે.બી.રાઠોડ, કેમ્પ કમાન્ડન્ટશ્રી, રાજ્યકક્ષા લીડરશીપ તાલીમ કેમ્પ, જરોદ, તા.વાઘોડીયા, જિ.વડોદરાનાઓને ફાળવવામાં આવે છે. રાજ્યકક્ષા એડવાન્સ તાલીમ કેમ્પ બહાદરપુર ફાયરીંગ બટ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ, છોટાઉદેપુર હસ્તક બહાદરપુર ગામની સીમના સર્વે નંબર-૮૨૩(બ) વાળી જમીનમાં રાખવાનું આયોજન કરેલ છે. સદરહુ જમીનનો ફાયરીંગ બટ તરીકે ઉપયોગ કરવાનો હોવાથી ફાયરીંગ પ્રેકટીસ દરમિયાન કોઈપણ જાતની જાનહાનિ કે અનિચ્છનીય બનાવ ન બને તેની સાવચેતીના પગલાંરૂપે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સદરહુ ફાયરીંગ પ્રેક્ટીસ દરમિયાન કોઈપણ જાતની જાનહાની કે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની સાવચેતીના પગલાંરૂપે તથા જાહેર સલામતી જળવાઈ રહે તે હેતુથી રજુ થયેલ દરખાસ્ત અન્વયે છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના બહાદરપુર ગામની સીમના સર્વે નંબર-૮૨૩ (બ) વાળી જમીન ફાયરીંગ બટ તરીકે ઉપયોગમાં લેવા નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હુકમનં. એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૪) હેઠળના જાહેરનામા બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં પોલીસ ખાતાના અધિકારી/કર્મચારી/તાલીમાર્થીઓ તથા પોલીસ ખાતા તરફથી ખાસ ફરજ સોંપવામાં આવેલ હોય તે વ્યક્તિઓ સિવાય કોઈએ અવરજવર કરવી નહી તેમજ હાજર રહેવું નહી અને નદીમાં હોડી હંકારવી નહી.

// અનુસૂચિ //

બહાદરપુર ગામની સીમના સર્વે નંબર- ૮૨૩ (બ) ની જમીનમાં તથા તેની આસપાસ નીચે દર્શાવેલ સર્વે નંબરની જમીનની ચર્તુદીશા નીચે મુજબ છે.

પૂર્વે : ૮૨૫ પૈકીની જમીન આવેલી છે અને ઓરસંગ નદી આવેલી છે.

પશ્ચિમે : ૮૪૮, ૮૪૯, ૮૫૦ ની જમીન આવેલી છે.

દક્ષિણે : ૮૪૪, ૮૪૫ ની પડતર જમીન છે.

ઉત્તરે : ૭૫૫, ૭૫૬ ની જમીન આવેલી છે.

// પ્રતિબંધિત સમયગાળો //

સદરહુ જાહેરનામું તા.૦૩/૦૫/૨૦૨૫ થી તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ દિન-૨ ના સમયગાળા દરમિયાન અમલમાં રહેશે.

// સજા //

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા તેમનાથી ઉચ્ચ કક્ષાનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું.

નં.એમએજી/વશી/૯૫૩/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર (૧) ક્રમાંક: LIB/જાહેરનામું/૮૯૬/૨૦૨૫, તા.૦૯/૦૫/૨૦૨૫ તથા (૨) ક્રમાંક: LIB/જાહેરનામું/૮૯૭/૨૦૨૫, તા.૦૯/૦૫/૨૦૨૫ ના પત્રથી જણાવ્યા અનુસાર તેમજ હાલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલ યુધ્ધની પરિસ્થિતીને ધ્યાને રાખી માન.ગૃહ મંત્રીશ્રી, ગુજરાત રાજ્યની અધ્યક્ષતા હેઠળ યોજવામાં આવેલ વિડીયો કોન્ફરન્સમાં થયેલ

સુચનાનુસાર રાષ્ટ્રમાં પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતા છોટાઉદેપુર જિલ્લાના લોકોમાં ભય જેવી પરિસ્થિતી ઉભી ન થાય તેમજ લોકોની જાન માલની સુરક્ષાને ધ્યાને લઈ આગામી તા.૧૫/૦૫/૨૦૨૫ સુધી છોટાઉદેપુર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા પર તેમજ કોઈપણ સમયે તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

આમ, હાલની યુધ્ધની પરિસ્થિતિ ધ્યાને લેતા લોકોમાં કોઈ પણ રીતે ભય ન ફેલાઈ અને કોઈ પણ પ્રકાર રીતે જાહેર વ્યવસ્થા ન ખોરવાય તે માટે છોટાઉદેપુર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા પર તેમજ કોઈપણ સમયે તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ છોટાઉદેપુર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા પર તેમજ કોઈપણ સમયે તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

// વિસ્તાર //

સમગ્ર છોટાઉદેપુર જિલ્લો અથવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર

// સમયગાળો //

આ જાહેરનામું તા.૦૯/૦૫/૨૦૨૫ થી તા.૧૫/૦૫/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૯૫૪/૨૦૨૫.-હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં, અમુક વ્યક્તિઓ, વેપારીઓ અને સંસ્થાઓ દ્વારા છોટાઉદેપુર જીલ્લામાં પેટ્રોલ, ડીઝલ અને અન્ય દૈનિક જરૂરિયાતો સહિત આવશ્યક ખાદ્યચીજો અને ઈંધણના સંગ્રહખોરી અને અનધિકૃત સંગ્રહ કરવામાં છે. જેના કારણે આવશ્યક ચીજવસ્તુઓની કૃત્રિમ અછત ઉભી થાય છે અને એટલી મોંઘવારી વધે છે. સામાન્ય જનતાને આવશ્યક ખાદ્ય ચીજવસ્તુઓ માટે તકલીફ પડે છે અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે છે. આવી પ્રવૃત્તિઓની જો તાત્કાલિક તપાસ ન કરવામાં આવે તો, સામાન્ય જનજીવનને મુશ્કેલી પહોંચાડે છે.જેના કારણે જાહેર સુલેહશાંતિનો ભંગ થાય છે. આમ, જાહેર-વ્યવસ્થા ન ખોરવાય તે માટે સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં સંગ્રહખોરી કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું શૈલેષ ગોકલાણી (GAS) નિવાસી અધિક કલેકટર અને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ અને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર છોટાઉદેપુર જીલ્લામાં નીચે મુજબનો હુકમ કરુ છું.

૧. કોઈપણ વ્યક્તિ, વેપારીઓ, જથ્થાબંધ વેપારી, છૂટક વિક્રેતાઓ અથવા વ્યાપારી સંસ્થાઓ આવશ્યક ચીજવસ્તુઓ, ચોખા, ઘઉ, કઠોળ, ખાંડ, ખાદ્ય તેલ, શાકભાજી, દૂધની બનાવટો, દવાઓ, પેટ્રોલ અને ડીઝલ સહિતની ઈંધણ સહિતની ખાદ્ય ચીજવસ્તુઓના સંગ્રહ અથવા સંગ્રહખોરીમાં સામેલ થશે નહી.

૨. તમામ વેપારીઓ અને સ્ટોકિસ્ટોએ તેમના વર્તમાન સ્ટોક જિલ્લા પુરવઠા અધિકારી, છોટાઉદેપુરને જાહેર કરવાના રહેશે.

૩. નાગરિકો સંગ્રહખોરી, બ્લેક માર્કેટિંગ અથવા ભાવમાં ચાલાકીની કોઈપણ ઘટનાની જાણ જિલ્લા પુરવઠા અધિકારી, છોટાઉદેપુરને કરી શકે છે. (આવશ્યક ચીજવસ્તુઓ/પેટ્રોલ/ડીઝલાવગેરે માટે).

// વિસ્તાર//

સમગ્ર છોટાઉદેપુર જીલ્લો અથવા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી,છોટાઉદેપુરની હુકમતનો સમગ્ર વિસ્તાર // સમયગાળો //

આ જાહેરનામું તા.૧૦/૦૫/૨૦૨૫ થી તા.૦૯/૦૭/૨૦૨૫ સુધી(બન્ને દિવસો માટે) અમલમાં રહેશે.

// સજા //

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૯૯૨/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક:LIB/જાહેરનામું/૮૮૯/૨૦૨૫, તા.૧૪/૦૫/૨૦૨૫ અન્વયે છોટાઉદેપુર જિલ્લાના હદ વિસ્તારમાં આવેલ અલગ-અલગ ઔદ્યોગિક એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં સંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે છે. અવાર-નવાર ધાડ, લુંટ વિગેરે ગંભીર પ્રકારના બનાવો બનતા હોય છે. ગુજરાત રાજ્ય બહારથી મજૂરો કડીયાકામ, ઈંટોના ભઠ્ઠા, હોટલ-ધાબા, રેસ્ટોરન્ટ, ફેકટરી, કારખાનામા, સોના-ચાંદી દાગીનાના કારીગરો નાનીમોટી ખાણીપીણીની દુકાનો, લારીઓ ઉપર કામ ધંધા રોજગાર મેળવવા અર્થે આવતા હોય છે. અને આ મજૂરો/કારીગરો જે તે સાઈડ (સ્થળ)/હોટલ-ધાબા/રેસ્ટોરન્ટ/ફેક્ટરી/કારખાનામાં રહેતા હોય છે. આ મજૂરો/કારીગરોને જે તે વિસ્તારના કોન્ટ્રાક્ટરો/મુકાદમો/હોટલ-ધાબા/રેસ્ટોરન્ટ/ફેકટરી/કારખાના માલિકો દ્વારા લાવવામાં આવતા હોય છે, જેઓને રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોનો કોઈ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અનુસરવામાં આવતી નથી. જેના કારણે અસામાજિક તત્વો ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે દેશારાજ્યની આંતરિક સુરક્ષા માટે અનિચ્છનિય છે તે ઈસમોને લાવનાર કોન્ટ્રાક્ટરો/મુકાદમો/હોટલ-ધાબા/રેસ્ટોરન્ટ/ફેક્ટરી/કારખાના માલિકો ઉપર ચોકકસ પ્રકારનાં નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી ઉપરોકત હકીકત ધ્યાને લઈ છોટાઉદેપુર જિલ્લાના કાર્યક્ષેત્રમાં કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે સંસ્થા/એકમો દ્વારા આ શ્રમિકો/કામદારોનો પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગે પોલીસ વેરીફિકેશનની કાર્યવાહી કરવા વ્યવસ્થા ગોઠવવી જરૂરી જણાઈ આવે છે, જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી નીચે પ્રમાણે હુકમ કરૂ છું.

(૧) કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર તમામનાં નામ, સરનામાં / સંપર્ક નંબર સાથેનું સુવાચ્ય રજીસ્ટર તથા રજીસ્ટરમાં પુરૂષ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો ડાબા હાથનો અંગુઠો અને સ્ત્રી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો જમણા હાથના અંગુઠાના નિશાન સાથેનું રજીસ્ટર રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે નિયમીતપણે નિભાવવાનું રહેશે.

(૨) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારની સંપૂર્ણ ઓળખ, નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચિત સગા, સબંધીઓના નામ/સરનામા અને ટેલીફોન/મોબાઈલ નંબરની સંપૂર્ણ સુવાચ્ય વિગતો પણ રજીસ્ટરમાં નોંધવાની જવાબદારી જે તે રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમના માલીકોએ નિયમિતપણે નિભાવવાની રહેશે.

(૩) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારના ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) વિગેરેની ફોટો કોપી જે તે સંસ્થા એકમ ખાતે સુરક્ષિત રાખવાની રહેશે.

(૪) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારના રજીસ્ટર વ્યવસ્થિત બનાવી, તમામની ફોટો ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિતની યાદી રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે અચુક આપવાની રહેશે.

(૫) કામે રાખેલ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર પૈકી છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી ફોટો ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિત તુરંત જ જિલ્લા શ્રમ અધિકારીશ્રી, છોટાઉદેપુરને તથા જે તે વિસ્તારના નજીકના પોલીસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાક્ટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને શ્રમિકો/કામદારો/રોજગારી પુરા પાડી શકશે નહીં, તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાક્ટરોથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવી શકશે નહી.

// અમલવારીનો વિસ્તાર //

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર // અમલવારીનો સમય //

સદરહુ જાહેરનામું તા.૧૬/૦૫/૨૦૨૫ થી તા.૧૫/૦૭/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત)

// સજા //

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

શૈલેષ ગોકલાણી
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું.

ક્રમાંક:ફજદ/વશી-૧૧૧૯ થી ૧૧૫૦/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી ડાંગ આહવાના જા.નં. SOG/CCTV/જાહેરનામું/૩૫૩/૨૦૨૫ તા.૨૨/૦૪/૨૦૨૫ના પત્રની વિગતે ભૂતકાળમાં ડાંગ જિલ્લામાં સોના, ચાંદીની દુકાનમાં લુંટના ગુન્હો બનેલ તેમજ મોબાઈલ શો રૂમ માંથી મોબાઈલ ચોરીના રાત્રીનાં ગુન્હા બનેલ હતા, તાજેતરમાં રહેણાંક મકાનો માંથી રાત્રીના સમયે ચોરીના બનાવો બનવા પામેલ છે. સમગ્ર ડાંગ જિલ્લામાં બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદીનાં શો-રૂમો, જવેલર્સ, ઈમારતી લાકડાનાં મોટા વેપારીઓ, કાપડની દુકાનો, ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતી, સાયબર કાફે, ઈલેકટ્રીક બીલનાં કલેકશન સેન્ટરો વિ.સ્થળો કે જયાં રોજે રોજ મોટી રકમની નાણાંકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજ-વસ્તુઓની લે-વેચ થાય છે, તેવા તમામ સ્થળોએ તેમનાં માલીકોને વ્યુહાત્મક સ્થળો એ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

હું એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રુએ આથી હુકમ કરું છું કે,

સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં આવેલ નીચે મુજબની તમામ જગ્યાએ સી.સી.ટી.વી.(નાઈટ વિઝન સાથેના) કેમેરા ગોઠવવાના રહેશે.

(૧) તમામ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદીનાં શો-રૂમો, જવેલર્સની દુકાનો.

(૨) ઈમારતી લાકડાનાં મોટા વેપારીઓ, કાપડની દુકાનો, ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતી, સાયબર કાફે, ઈલેકટ્રીક બીલનાં કલેકશન સેન્ટરો. વિ.સ્થળો કે જયાં રોજે રોજ મોટી રકમની નાણાંકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજ-વસ્તુઓની લે-વેચ થાય છે, તેવા તમામ સ્થળો.

સી.સી.ટી.વી કેમેરા હાઈડેફીનેશન/નાઇટવિઝન ધરાવતાં સીસીટીવી કેમેરા માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવી રીતે ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વીના રેકોર્ડિંગ ડેટા ઓછામાં ઓછાં ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/વહીવટકર્તાઓની રહેશે.

-:અમલવારીનો સમય:-

આ હુકમ તા.૦૫/૦૫/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૦૩/૦૭/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

-:વિસ્તાર:-

સમગ્ર ડાંગ જિલ્લો

-:શિક્ષા:-

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૫/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું. ::

ક્રમાંક:ફજદ/પથિક/વશી-૧૦૨૬ થી ૧૦૫૬/૨૦૨૫.—પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાના પત્ર ક્રમાંક:જા.નં.એસ.ઓ.જી/જાહેરનામું/પથિક સોફ્ટવેર/૩૫૪/૨૦૨૫ તા.૨૨/૦૪/૨૦૨૫ના પત્રની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશમા આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોનાં બનાવી બનવાની સંભાવના હંમેશા બની રહે છે. ડાંગ-આહવા જિલ્લામાં આવા કોઇ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઇ રહે તે માટે ડાંગ-આહવા જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીના પગલા રૂપે ધનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઇ રહેલ છે.

ભૂતકાળમાં દેશમાં તથા ગુજરાત રાજયમાં ત્રાસવાદી ઘુસેલાનું ગુપ્ત બ્રાન્ચો દ્વારા ઈનપુટ મળતા રહે છે તેમજ સમાચાર માધ્યમો દ્વારા તથા અખબારોમાં પણ આવા ન્યુઝ પ્રસિધ્ધ થતાં રહે છે ત્રાસવાદીઓ શહેર જિલ્લાની હોટલો, લોજ, ગેસ્ટ હાઉસો, ધર્મશાળાઓ કે ભાડાથી/રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી તથા તમામ સરકારી, ધાર્મીક કે ટ્રસ્ટથી ચાલતી અને ખાનગી વ્યવસ્થાઓ/સ્થાનોમાં રહેવાં/રોકાવાની સંભાવનાઓ ખુબજ વધુ છે તેમજ ડાંગ-આહવા જીલ્લામાં આવેલ સાપુતારા ખુબ જ મહત્વનું પ્રખ્યાત હિલ સ્ટેશન હોય મોટી સંખ્યામાં દેશ-વિદેશનાં પ્રવાસીઓની સતત અવર-જવર રહે છે, જેનો દેશ વિરોધી/આતંકવાદી તત્વો ગેરલાભ ઉઠાવે તે શક્યતા નકારી શકાય નહીં, જેથી સમગ્ર જિલ્લા અને તાલુકા મથકોએ આવેલી હોટલો, લોજ, ગેસ્ટ હાઉસો, ધર્મશાળાઓ, વિગેરેનુ સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામા આવે છે અને ચેકીંગ સમયે એવુ જણાયેલ કે, હોટલો, લોજ, ગેસ્ટહાઉસો, ધર્મશાળાઓમાં જે રજીસ્ટરો નિભાવવામાં આવે છે તેમાં ઘણી અપૂર્તતા જણાય છે અને રાત્રી રોકાણ કરનાર તમામની પુરતી માહિતી તથા જે તે વ્યકિતની ચોકકસ ઓળખ મળી શકે તેવા જરૂરી ડોકયુમેન્ટ તમામ પેસેન્જરોના મેળવવામાં આવતાં નથી. આ સ્થિતિ બિલકુલ અનિચ્છનિય હોય નિયમિત સમયાંતરે તમામ હોટેલોનું પોલીસ ચેકીંગ ખુબ જ જરૂરી છે.

ગુજરાત રાજયમાં વેબ ડિઝાઈન કરવામાં આવેલ "પથિક" (programme for analysis of travelers and hotel informatics) સોફ્ટવેરનું અમદાવાદ શહેર, ક્રાઇમ બ્રાંચ ખાતે સર્વર કાર્યરત છે. આ સોફ્ટવેરમાં હોટલમાં રોકાણ કરનાર ગ્રાહકોની માહીતીની હોટલ ખાતેથી ઈન્ટરનેટ દ્વારા એન્ટ્રી માટેનુ સીકયોર વેબ પોર્ટલ બનાવવામાં આવ્યુ છે. જિલ્લામાં આવેલ તમામ હોટલો લોજ - ગેસ્ટહાઉસો, ધર્મશાળાઓ, ટેંટ સીટી અને અન્ય જગ્યા ઉપર જે માણસો આવીને રોકાણ કરે છે. તેમના નામ, સરનામા, મોબાઈલ ફોન નંબર ઉપરાંત જે મુસાફરો રાત્રી રોકાણમાં આવે છે તે જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, વાહન રજીસ્ટ્રેશન નંબર તથા પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલા હોય તો તે મુજબની તમામ વિગતો તેમના ઓળખાણના પુરાવા મેળવી તેની નોંધ પથિક સોફ્ટવેરમા ફરજીયાત ઓનલાઈન ચઢાવવા બાબતનું જાહેરનામું કરવા દરખાસ્ત કરેલ છે.

આથી હું, એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, ડાંગ જિલ્લામાં આવેલ તમામ હોટલો, લોજ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, ટેંટ સિટી, તથા અન્ય જગ્યા

ઉપર જે માણસો આવીને રોકાણ કરે છે તેમના નામ, સરનામા, મોબાઈલ નંબર ઉપરાંત જે મુસાફરો રાત્રી રોકાણમાં છે આવે છે તે જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, વાહન રજીસ્ટ્રેશન નંબર, તથા પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલા હોય તો તે મુજબની તમામ વિગતો તેમના ઓળખાણના પુરાવા મેળવી તેની નોંધ પથિક સોફ્ટવેરમાં (https://pathik/) ફરજિયાત ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૦૫/૦૫/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૦૩/૦૭/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા ::

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ કરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૫/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું::

ક્રમાંક:ફજદ/વશી-૧૦૫૭ થી ૧૦૮૭/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી ડાંગ આહવાના જા.નં.એસ.ઓ.જી./જાહેરનામુ/મકાન ભાડુઆત/૩૫૫/૨૦૨૫, તા.૨૨/૦૪/૨૦૨૫ના પત્રની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોનાં બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. ડાંગ જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ડાંગ જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીનાં પગલા રૂપે ઘનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે. હાલના સંજોગોમાં ત્રાસવાદીઓ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વિસ્તારોમાં મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે (રેકી) કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈ ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો દ્વારા ભાડે આપતા મકાનો દ્વારા રાજય અને દેશની સલામતી જાળવવાના કાર્યોમાં તેઓનો સહકાર મેળવવા માટે મકાન માલીકો દ્વારા ભાડે અપાતા મકાનોની જાણ નજીકના પોલીરા સ્ટેશનમાં અચૂક કરાવે તે આપત્તિ સમયની અનિવાર્ય જરૂરત બનેલ છે. તેમજ મકાન માલીકોએ કરેલી જાણ અંગે સ્થાનીક પોલીસ દ્વારા નિયત કોલમમાં ભાડુઆત અંગે અને મકાન માલીક અને મકાન અંગેની સંપુર્ણ અને સચોટ વિગતો નિભાવવામાં આવે અને આ બાબતને કાનુની બળ મળી રહે તે માટે રજીસ્ટરો નિભાવવામાં આવે જે અન્વયેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

હું, એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રુએ નીચે મુજબ હુકમ કરું છું,

"સમગ્ર ડાંગ જિલ્લામાં કોઈ રહેણાંકના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડે આપી શકશે નહિં. ભાડે આપેલ મકાનની વિગત ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક-અમાં જરૂરી માહિતી સાથે લેખિત જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે. તથા જયારે કોઈ મકાન માલિક/એજન્ટ/બ્રોકર કોઈ મકાનની લે-વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન અપાવશે તેની સંપૂર્ણ વિગતોનું રજિસ્ટર નિભાવશે. જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપૂર્ણ ઓળખ સહિતનો બાયોડેટા ફોટા સહીત રાખી નીચેના પત્રક-અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે."

પત્રક-અ

મકાન ભાડે આપતાં પહેલાં સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક

અ.નં.	મકાન માલીકનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં કયા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મીમાં છે તેની વિગત	મકાન ભાડે આપતા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું ટેલીફોન/ મોબાઈલ નંબર	મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે. તથા માસીક ભાડું કેટલું છે?	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેનું પુરૂ નામ, હાલનું સરનામું ટેલીફોન/મો.	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મૂળ વતનનું પાકું સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સંબંધીના નામ અને સરનામાં	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું મોબાઈલ નંબર	રિમાર્કસ (આધાર કાર્ડ)
૧	૨	૩	૪	૫	૬	૭	૮

-:અમલવારીનો સમય:-

આ હુકમ તા.૦૫/૦૫/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૦૩/૦૭/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

-:વિસ્તાર:-

સમગ્ર ડાંગ જિલ્લો

-:શિક્ષા:-

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૫/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું ::

ક્રમાંક:ફજદ/હથિયાર બંધી/વશી-૮૫૧ થી ૮૮૦/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાની કચેરીના પત્ર નં.LIB/હથિ.હેરાફેરી. જાહે./૬૩૭/૨૦૨૫ તા.૨૬/૦૩/૨૦૨૫ની વિગતે આગામી તા.૦૬/૦૪/૨૦૨૫ના રોજ રામનવમીનો તહેવાર આવતો હોય, જેથી સદર તહેવારો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે હથિયારોની હેરાફેરી ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વ્યાજબી

વાસ્તે હું, એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદૂક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહી

(છ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહી.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

::અમલવારીનો સમય::

આ હુકમ તા. ૦૫/૦૪/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૯/૦૪/૨૦૨૫ ક.૨૪/૦૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

::શિક્ષા::

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૦૫/૦૪/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયેનું ::

ક્રમાંક:ફજદ/હથિયાર બંધી/વશી-૯૯૫ થી ૧૦૨૫/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાની કચેરીના પત્ર નં.LIB/હથિ.હેરાફેરી. જાહે./૯૦૭/૨૦૨૫ તા.૦૨/૦૫/૨૦૨૫ની વિગતે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે હથિયારોની હેરાફેરી ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

વાસ્તે હું, એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદૂક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહી

(છ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહી.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

::અમલવારીનો સમય::

આ હુકમ તા. ૦૫/૦૫/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૦૩/૦૭/૨૦૨૫ ક.૨૪/૦૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

::શિક્ષા::

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૦૫/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું.

ક્રમાંક:ફજદ/વશી-૧૦૮૮ થી ૧૧૧૮/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી ડાંગ આહવાના જા.નં.જાહેરનામું/૩૫૩/૨૦૨૫ તા.૨૨/૦૪/૨૦૨૫ ના પત્રની વિગતે રાજયમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીઓના બનાવોનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના આઈ.એમ.ઈ.આઈ. નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વહેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે, મોબાઈલ કોઈ અજાણી વ્યકતિએ આપેલ છે. અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે, જેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ સીમકાર્ડ હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વહેંચનારની જવાદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ વપરાશકારે તે મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેંચાણે આપેલ તે અંગે ખરીદતા/વેચાતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તે માટેનું જાહેરનામું રિન્યુ કરવા દરખાસ્ત કરેલ છે.

હું એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રુએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં નીચે મુજબની અમલવારી હુકમ કરું છું.

જુના મોબાઈલ ખરીદ/વેચાણ, નવા સીમકાર્ડ વેચાણ કરતા વેપારીએ નીચેના નમુનાનું રજીસ્ટર નિભાવવાનું રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર:-

અ.નં.	મોબાઈલની વિગત/કંપનીનું નામ	IMEI નંબર	મોબાઈલ વેંચનાર/ખરીદનારના નામ સરનામાની વિગત	આઈ.ડી પ્રુફની વિગત (આધાર નંબર)

જુના મોબાઈલ વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર:-

અ.નં.	મોબાઈલની વિગત/કંપનીનું નામ	IMEI નંબર	મોબાઈલ વેંચનાર/ખરીદનારના નામ સરનામાની વિગત	આઈ.ડી પ્રુફની વિગત (આધાર નંબર)

નવા સીમકાર્ડ વેંચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર:-

અ.નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ સરનામાની વિગત	સીમકાર્ડ ખરીદનારના આઈ.ડી. પ્રુફની વિગત (આધાર નંબર)	સીમકાર્ડ ખરીદનારની સહિ

૧. ઉપર મુજબનું રજીસ્ટર જુના/નવા મોબાઈલ ફોન ખરીદનાર/વેચાણ તેમજ નવીન સીમકાર્ડ વેચાણ કરનાર દરેક દુકાનદારે નિભાવવાનું રહેશે અને તેની ફરજિયાત સાચવણી જાળવણી કરવાની રહેશે.

૨. કોઈ પણ દુકાનદારે કોઈ પણ ઈસમ પાસેથી જુનો અથવા નવો મોબાઈલ ફોન લેતી વખતે કે તેને વેચાણ કરતી વખતે ઓળખ કાર્ડ કે ઓળખ પત્ર જેવા નક્કર પુરાવા સિવાય કોઈ પણ વ્યવહાર કરવો નહિ.

૩. મોબાઈલ ફોનના નવા સીમકાર્ડ વેચનાર તમામ ડિસ્ટ્રીબ્યુટરો અને રીટેઈલ વિક્રેતા દ્વારા મોબાઈલ સીમકાર્ડનું વેચાણ કરતી વખતે માન્ય ઓળખકાર્ડ તથા રહેઠાણના પુરાવાની અસલ દસ્તાવેજો સાથે ખરાઈ કર્યા સિવાય મોબાઈલ સીમકાર્ડના વેચાણ વ્યવહાર કરવા નહિ.

-:અમલવારીનો સમય:-

આ હુકમ તા.૦૫/૦૫/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૦૩/૦૭/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

-:વિસ્તાર:-

સમગ્ર ડાંગ જિલ્લો

-:શિક્ષા:-

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૦૫/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું. ::

નં.જે/એમએજી/ડ્રોન-ફટાકડા/પ્રતિબંધ/વશી-૧૧૬૨ થી ૧૧૯૧/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાના પત્ર નં.એલઆઈબી/ફટાકડા-ડ્રોન ઉ.પ્રતિ.જાહે./૯૭૮/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫ મુજબ હાલમાં દેશમાં યુધ્ધનો માહોલ ચાલી રહેલ હોઈ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા પર તેમજ તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

વાસ્તે હું, એસ. ડી. તબિયાર (જી.એ.એસ), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રુએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા પર અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત સમય

આ હુકમ તા.૦૯/૦૫/૨૦૨૫ થી તા.૨૪/૦૫/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

સમગ્ર ડાંગ જિલ્લો

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ (BNSS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. ઉપરોક્ત મુજબનું કૃત્ય કરનારા ઈસમો સામે ઉપર મુજબનો કોઈ પણ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આજ તારીખ:- ૦૯/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

::જાહેરનામું::

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/શ્રમિક-કામ.પો.વેરી/વશી-૧૧૯૨ થી ૧૨૨૨/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાના પત્ર ક્રમાંક:નં.LIB/શ્રમિક-કામ.પો.વેરી./૧૦૦૦/૨૦૨૫, તા.૧૨/૦૫/૨૦૨૫ના પત્રથી જીલ્લામાં આવેલ અલગ અલગ એકમો, ખાનગી એકમો, કોન્ટ્રાકટરો, ઈંટનાં ભઠ્ઠા તથા તમામ પ્રકારના ધંધા રોજગાર ધરાવતા એકમો તરફથી અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે છે. રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો/માલિકો તરફથી શ્રમિકો/કામદારોના કોઈ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી ન હોવાના કારણે અસામાજીક તત્વો, ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહિ ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે આપણા દેશ અને રાજયની આંતરિક સુરક્ષા માટે યોગ્ય નથી.

જેથી જીલ્લામાં આવેલ અલગ અલગ એકમો, ખાનગી એકમો, કોન્ટ્રાકટરો, ઈંટનાં ભઠ્ઠા તથા તમામ પ્રકારનાં ધંધા રોજગાર ધરાવતા એકમો તરફથી અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોની સાચી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા તમામ જરૂરી ડોક્યુમેન્ટો તથા તેમના વતનમાં નજીકનાં સગા-સબંધીના નામ સરનામાં અને સંપર્ક નંબરની સાચી વિગત જે તે સંસ્થા/એકમો/માલિકો દ્વારા નજીકનાં સબંધિત પોલીસ સ્ટેશનોમાં ફરજિયાત જમા કરાવવા ફરજ પાડતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, એસ. ડી. તબિયાર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, ડાંગ જિલ્લામાં આવેલ અલગ અલગ એકમો, ખાનગી એકમો, કોન્ટ્રાકટરો, ઈંટનાં ભઠ્ઠા તથા તમામ પ્રકારનાં ધંધા રોજગાર ધરાવતા એકમો તરફથી અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોની સાચી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા તમામ જરૂરી ડોક્યુમેન્ટો તથા તેમના વતનમાં નજીકનાં સગા-સબંધીના નામ સરનામાં અને સંપર્ક નંબરની સાચી વિગત જે તે સંસ્થા/એકમો/માલિકો દ્વારા નજીકનાં સબંધિત પોલીસ સ્ટેશનોમાં ફરજિયાત જમા કરાવવાના રહેશે.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૧૩/૦૫/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૧/૦૭/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

::શિક્ષા::

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૩/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

::જાહેરનામું::

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૧૨૫૨ થી ૧૨૮૫/૨૦૨૫.–ઉપ સચિવશ્રી (કા.વ્ય.) ગૃહ વિભાગના પત્ર ક્રમાંક:HD/MSM/e-file/8/2025/2718/SB1 તા.૦૫/૦૫/૨૦૨૫ના પત્રથી વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવા જણાવેલ છે અને પોલીસ અધિક્ષકશ્રી ડાંગ - આહવાના પત્ર નં.LIB/જળાશયો પ્ર.પ્રતિ./જાહે./૧૦૨૭/૨૦૨૫, તા.૧૫/૦૫/૨૦૨૫ થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. તાજેતરમાં રાજયમાં જુદા-જુદા જીલ્લાઓમાં આવેલ જુદા જુદા જળાશયો (નદી, તળાવ, નહેર વિગેરે) માં નહાવા પડેલ વ્યકિતઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને આવેલ હોય, સરકારશ્રીના ગૃહ વિભાગના પત્ર ક્રમાંકઃ HD/MSM/e-file/8/2025/2718/SB1. તા.૦૫/૦૫/૨૦૨૫ અન્વયે જયાં જયાં આવી ઘટનાઓ બનવાની શકયતાઓ હોય, તેવા સ્થળોએ કોઈ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે નહિ તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવા સુચના આપવામાં આવેલ છે. જેથી અત્રેના ડાંગ જીલ્લાના જોવાલાયક સ્થળો, નદી, તળાવ, ધોધ, ચેકડેમ વિગેરે સ્થળોએ કોઈ પણ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ પ્રતિબંધ કરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, એસ. ડી. તબિયાર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, તાજેતરમાં રાજયમાં જુદા-જુદા જીલ્લાઓમાં આવેલ જુદા જુદા જળાશયો (નદી, તળાવ, નહેર વિગેરે) માં નહાવા પડેલ વ્યકિતઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને લઇ, જયાં જયાં આવી ઘટનાઓ બનવાની શકયતાઓ હોય, તેવા ભયજનક સ્થળોએ કોઈ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં પ્રવેશે નહિ તે માટે અત્રેના ડાંગ જીલ્લાના જોવાલાયક સ્થળો, નદી, તળાવ, ધોધ, ચેકડેમ વિગેરે સ્થળોએ કોઈ પણ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં પ્રવેશવા સહિતની તમામ પ્રવૃતિઓ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૨૦/૦૫/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૮/૦૭/૨૦૨૫ ક.૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

::શિક્ષા::

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

એસ. ડી. તબિયાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ- ૩૭(૩) હેઠળનું:-

નં.એમએજી/જીપીએ/જાહેરનામું/વશી/૫૨૬/૨૦૨૫.-મહીસાગર જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/ તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ હડતાળ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા કે સરઘસ /રેલી કાઢવા ઉપર મનાઇ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું સી. વી. લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/ સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૭/૨૦૧૯થી મળેલ સત્તાની રૂએ નીચે અનુસૂચિ માં દર્શાવેલ વિસ્તારમાં આ જાહેરનામાં અન્વયે તા.૨૨/૦૪/૨૦૨૫ના કલાક ૦૦:૦૦ કલાકથી તા.૦૬/૦૫/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે અનધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યક્તિએ/વ્યક્તિઓને એકી સાથે કોઈ પણ જગ્યાએ ૪(ચાર) થી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભુખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર માટે મનાઇ ફરમાવું છું.

અનુસુચિ

" જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર, કડાણા તથા ખાનપુર(બાકોર), તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયાનો વિસ્તાર "

આ જાહેરનામું નીચેની વ્યક્તિઓ/બાબતોને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમઅધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને..

(૫) સરકારશ્રી ધ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે અને ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલના દરજજાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઇસમો વિરુધ્ધ લેખિત ફરીયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

લુણાવાડા, તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૨૫.

વંચાણે લીધા :-

(૧) પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૬.

(૨) ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦.

(૩) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(થ) હેઠળનું

નં.એમએજી/ડીજે/પ્રતિબંધ/જાહેરનામું/વશી/૫૨૭/૨૦૨૫.-ધાર્મિક તથા સામાજિક સમારોહો માટે સરઘસો અને રેલીઓ ભુતકાળમાં જ્યારે નિકળતી હતી ત્યારે સદરહુ રેલીઓ અને વરઘોડાઓ પ્રસંગને અનુરૂપ જે ગરીમાં હોવી જોઈએ તે રીતે પ્રસંગ પ્રમાણે વાજીંત્ર અને લયબદ્ધ સંગીતની કર્ણપ્રિય ધુને વાતાવરણને ભાવ અને લયના મૃદુ તરંગોથી તરબોળ કરી દેતી હતી. પરંતુ હવે જ્યારે જિલ્લાની જીવનશૈલી અને જીવનની ગુણવત્તાનું સ્તર ધ્વનિ, વાયુ અને ગીચતાના પ્રદુષણથી સંપુર્ણપણે ત્રસ્ત થયું છે, તે સંજોગોમાં ધાર્મિક અને સામાજિક પ્રસંગોની રૂઢિગત પ્રણાલીકા વિરૂદ્ધ આવા વરઘોડાઓમાં અમુક વર્ષોથી ધ્વનિની તિવ્રતાનો આંક વટાવી દઈ તમામ માપદંડોને તોડી નાખ્યા છે.આથી ઉપરોક્ત ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લાવવા સારું અને જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તાની જાળવણી માટે નામદાર સુપ્રિમ કોર્ટના નિર્દેશો તથા પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ-૧૯૮૬ના વિભિન્ન પ્રાવધાનોની જાળવણી અને અમલવારી જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તા માટે જરૂરી બની રહે છે. સદર સરઘસો રેલીઓ અને વરઘોડા માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી સીસ્ટમ વગાડનારાઓ લાંબા સમય સુધી જાહેર માર્ગો પર ઉભા રહી ટ્રાફિકને અડચણ કરી ટ્રાફિક જામ કરે છે અને વધુ ધ્વનિ તિવ્રતાથી મોટા કર્ણભેદી અવાજે ઘોંઘાટમય સંગીત ગીતો સાથે રેલાવી વિદ્યાર્થીઓના અભ્યાસમાં દર્દીઓના આરામમાં સિનિયર સીટીઝન અને લોકોના સ્વાસ્થ્યને નુકશાન કરી/કરાવી તબીબોના કામમાં ખલેલ પહોંચાડે છે. તેમજ માઈક, લાઉન્ડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમના અનિયંત્રિત પ્રયોગથી કોમી દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારમાં સાંપ્રદાયિક અથડામણોના બનાવો પણ બનેલા છે તેના પરિણામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર થવાની સંભાવનાઓ વધી જાય છે,

જિલ્લામાં કોઈ પણ પ્રકારે સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતી તથા કાયદા પ્રત્યે માન જળવાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સિસ્ટમ દ્વારા થતા અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાના નિર્દેશો તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ, ૨૦૦૦ની જોગવાઈઓ ધ્યાને લેતા માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જૉકી) સિસ્ટમના ઉપયોગ પર નિયંત્રણ કરવું ઘણું જ જરૂરી છે.

દરેક માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોડી) સિસ્ટમધારકોએ અવાજના પ્રદુષણને અટકાવવા નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખત ચુકાદાના નિર્દેશો તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ, ૨૦૦૦ની નીચે મુજબની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

Ambient Air Quality Standard in respect of Noise

Area Code	Category of Area/Zone	Limits in dB(A) Leq*	
		Day Time	Night Time
(A)	Industrial Area	75	70
(B)	Commercial Area	65	55
(C)	Residential Area	55	45
(D)	Silence Zone	50	40

Note

1. Day Time shall mean, from 6.00 am. to 10.00 p.m.

2. Night Time shall mean from 10.00 p.m. to 6.00 a.m.

3. Silence zone is defined as an area comprising not less than 100 metres around hospitals, educational institutions and courts. The silence zones are zones which are declared as such by the competent authority.

4. Mixed Categories of areas may be declared as one of the four above mentioned categories by the competent authority.

[dB (A) Leq denotes the time weighted average of the level of sound in decibels on scale

A which is relatable to human hearing.

A "decibel" is a unit in which noise is measured.

"A" in dB(A)Leq, denotes the frequency weighting in the measurement of noise and corresponds to frequency response characteristics of the human ear.

Leq: it is an energy mean of the noise level, over a specific period.]

અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ, ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ /વાજિંત્રો રાતના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય. આગામી સમયમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની વાર્ષિક/બોર્ડની પરીક્ષાઓ આપનાર વિદ્યાર્થીઓના અભ્યાસમાં ખલેલ ન પહોંચે, લગ્ન તથા ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં નાચગાન કે ઘોંઘાટને કારણે ઝગડા તથા તકરારો ન થાય તેમજ ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લેવા તેમજ જિલ્લામાં કોઈ પણ પ્રકારે સુલેહશાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે વાસ્તે, હું **સી. વી. લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર-લુણાવાડા** ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(થ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર માટે નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પરિશિષ્ટ

"મહીસાગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

પ્રતિબંધિત કૃત્યો

૧. સરકારી કચેરીઓ, હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત વિસ્તાર તરીકે ગણવામાં આવે છે. જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોકી) સીસ્ટમનો ઉપયોગ કરી શકાશે નહીં.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમી લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગીતોનો માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોકી) સીસ્ટમમાં ઉપયોગ કરી શકાશે નહી.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવો. નાચગાન તથા ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરી શકાશે નહીં.

૪. ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ Ambient Air Quality Standard in respect of Noise અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાઓના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ની પર્યાવરણ સંરક્ષણની જોગવાઈઓ મુજબ Ambient Air Quality Standard હોવું જોઈએ તે જોતાં ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તે વગાડવા પર કાયમને માટે પ્રતિબંધ છે, પરંતુ નીચેની શરતોને આધીન અગાઉથી અધિકૃત પરવાનગીના આધારે ફક્ત માઈક સીસ્ટમને પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

૫. રાત્રીના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી શકાશે નહી.

માઈક અને ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડવા માટેના પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો

૧. ડી.જે સીસ્ટમના માલીક કે જે આ સીસ્ટમ ભાડે આપે છે તેઓએ નજીકના પોલીસ સ્ટેશનમાં ફરજિયાતપણે નોંધણી કરાવવાની રહેશે.

૨. માઈક સીસ્ટમ અને ડી.જે. વગાડવા માટે તેના માલીક/ભાગીદારે પરવાનગી અરજી જે તે વિસ્તારના મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની કચેરીએ કરી, ૦૭ દિન પહેલાં મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચૂસ્તપણે બિનચુક અમલ કરવાનો રહેશે. શરતોનો ભંગ થયેથી પરવાનગી રદબાતલ થયેલ ગણાશે.

૩. વરઘોડો / રેલી, ધાર્મિક, રાજકીય કે સામાજિક શોભાયાત્રાઓના સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની સંપૂર્ણ જવાબદારી પરવાનેદાર / પરવાનગી લેવા માટે આવનાર વ્યક્તિની રહેશે.

૪. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહીસાગરના અધિકાર ક્ષેત્રની જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/ વાજિંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખિત પરવાનગી સિવાય કરી શકાશે નહીં, તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૫. આવી પરવાનગી માટેની અરજી લેખિતમાં હોવી જોઈએ તેમજ તેના ઉપર ઉપયોગ કરનાર વ્યક્તિની સહી હોવી જોઈએ.

૬. આવી પરવાનગીની અરજી તેના ઉપયોગ કરવાના હોય તે દિવસથી ઓછામાં ઓછા સાત દિવસ પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે. પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેકબુદ્ધિ અનુસાર આપી શકશે.

૭. અરજદાર તથા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ પરના અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાનાધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૮. માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા પત્રક પ્રમાણે સવારના ૦૬:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી જ થશે.

૯. અવાજ પ્રદુષણ (નિયમન અને પ્રતિબંધ) નિયમો, ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજિંત્રો રાત્રીના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ, આ સમય માટે માઈક સીસ્ટમ/વાજિંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં તેમજ પરવાનેધારકોએ આ સમય દરમ્યાન માઈક સીસ્ટમ /વાજિંત્ર વગાડવા ઉપયોગ કરી શકશે નહી. જે સુચનાનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. કોઈ પણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનું હવામાનમાં પ્રમાણ ઉપરોકત પત્રકમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. આ માત્રાનો ભંગ ન થાય તેની પરવાનેદારે/પરવાનગી લેનારે તકેદારી રાખવાની રહેશે.

૧૧. મંદિરો, ચર્ચ, મસ્જિદોમાં માઈક સીસ્ટમ/વાજિંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલો હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૨. ગતિમાન વાહનમાં કોઈ પણ માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ જિલ્લા મેજિસ્ટ્રેટ તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈ પણ હેતુ માટે વાપરવો નહીં અથવા ચલાવવો નહીં.

૧૩. માઈક સીસ્ટમ/વાજિંત્રના ઉપયોગથી આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય કે નુકશાન અટકાવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈ પણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ / વાજિંત્ર વાપરવા પર મનાઈ ફરમાવતો હુકમ કરી શકશે.

૧૪. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજિંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ જાહેરનામાના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. અને ગુનો નોંધી, માલીક, ભાગીદાર, મેનેજર, સંચાલકની ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુન્હાના મુદામાલ તરીકે કબજે કરવામાં આવશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષક થી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવનાર પોલીસ અધિકારી/કર્મચારીઓને ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આગામી તા.૨૫/૦૪/૨૦૨૫ થી તા.૨૪/૦૫/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

સી. વી. લટા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહીસાગર-લુણાવાડા.

વંચાણે લીધા :-

(૧) સંયુક્ત નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઉશિક/પીઆરઓ/૨૦૨૫/૨૭૭-૭૯ તા.૨૩/૦૪/૨૦૨૫

જાહેરનામું

નં.એમએજી/NEET-2025 પરીક્ષા/જાહેરનામું/વશી/૧૨૯/૨૦૨૫.-નેશનલ ટેસ્ટીંગ એજન્સી ધ્વારા તા.૦૪/૦૫/૨૦૨૫ના રોજ NEET-2025 પરીક્ષાનુ આયોજન કરવમાં આવેલ છે. સદર NEET-2025ની પરીક્ષા માટે અત્રેના જિલ્લામાં કુલ ૨ (બે) કેંદ્રો ફાળવવામાં આવેલ છે. રાદર NEET-2025ની પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તથા પરીક્ષાર્થીઓ શાંત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રની આસપારા બીએનએસએસ, ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા પ્રતિબંધક હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું એસ. બી. દેસાઈ (જી.એ.એસ), ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટથી મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત હેતુસર તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે થી સાંજના ૧૯-૦૦ કલાક સુધીના સમયગાળા માટે અત્રેના મહીસાગર જિલ્લામાં આવેલ નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે જણાવેલ કૃત્યો કરવા પર મનાઈ ફરમાવુ છું.

:- પરીક્ષા કેન્દ્રની યાદી :-

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ
૧	ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલ, બાલાસિનોર
૨	મોડેલ સ્કુલ, બાલાશિનોર

-::પ્રતિબંધિત વિસ્તાર ::-

અનૂસૂચિત પરીક્ષા કેન્દ્રની ચર્તુદિશાની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો જગ્યા, સ્થળ અને વિસ્તારમાં ચાર માણસોએ એકઠા થવું નહી/મંડળી ભરવી નહી તેમજ અધિકૃત અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા પરીક્ષાર્થીઓ સિવાય કોઈ પણ ઈસમને પરીક્ષા કેન્દ્રની ચર્તુદિશાની ચોતરફ ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

-:: પ્રતિબંધિત કૃત્યો ::-

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત વ્યક્તિઓએ અવર-જવર કરવી નહિ. કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવો કે કરાવવો, તેમજ કોઈપણ ઈસમે કોઈપણ પ્રકારની તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી કે કરાવવા ઉપર,પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવું/કરાવવા ઉપર,

(૨) પરીક્ષાર્થીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ સ્ટાફએ પરીક્ષા સબંધી ચોરી કરી શકાય તેવી કોઇ વસ્તુ, અથવા ઇલેકટ્રોનીક આઇટમ જેવી કે મોબાઇલ ફોન, કેમેરા, સ્માર્ટવોચ, સ્માર્ટબેન્ડ, લેપટોપ, કોમ્પ્યુટર જેવા બીજા ઈલેક્ટ્રોનિકસ ગેઝેટસ/ ઉપકરણોના ઉપયોગ કરવા તથા પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ નકલો કે પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારનું સાહિત્ય પરીક્ષા ખંડમાં લઈ જવા, વહન કરવા કે તેમાં મદદગારી કરવા ઉપર,

(૩) પરીક્ષાખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષાર્થીઓને, અન્ય કોઈ વ્યક્તિ અથવા જાતે પરીક્ષામાં ચોરી કરવી કે, કરાવવી, તે પ્રકારના કામમાં મદદગારી કરવી તેમજ પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારના સાહિત્યની આપ-લે કરવી કે કરાવવા ઉપર, પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવાના હેતુથી ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રો વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કોપી સેન્ટર, ઝેરોક્ષ કોપીઅર મશીન, ફેક્સ મશીન સંચાલકોએ કોપીઅર મશીનનો ઉપયોગ પરીક્ષાના દિવસ દરમ્યાન સવારના ૧૧-૦૦ કલાક થી ૧૯-૦૦ કલાક સુધી સદંતર બંધ રાખવાના રહેશે.

(૪) પરીક્ષા કેન્દ્રની આજુબાજુ બિનજરૂરી ટોળા ભેગા થવા પર, કોઈ અનઅધિકૃત વ્યક્તિ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરવા પર, પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા ચાલતી હોય તે સમયે પરીક્ષાને લગતી અનઅધિકૃત લેખન સામગ્રી પરીક્ષા કેન્દ્રમાં લઈ જવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં માઈક/લાઉડ સ્પિકર/ડી.જે. સાઉન્ડ વગાડવા પર.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૩ એપ્રિલ ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર, લુણાવાડાના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./જાહેરનામા/૬૮૭/૨૦૨૫, તા.૨૩/૦૪/૨૦૨૫.

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/હટલ/ગેસ્ટ હાઉસ/જાહેરનામું/વશી/૨૯૮/૨૦૨૫, તા.૨૫/૦૨/૨૦૨૫.

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-

નં.એમએજી/હોટલ/ગેસ્ટ હાઉસ/જાહેરનામું/વશી/૫૩૦/૨૦૨૫.-વંચાણે લીધેલ આમુખ- ૧ના પત્રથી આગામી સમયમાં પરશુરામ જયંતિ, અખાત્રીજ, બકરી ઈદ, શ્રી જગન્નાથ રથયાત્રા જેવા તહેવારો આવતા હોય જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે સદર જાહેરનામાં રીન્યુ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે. તદુપરાંત સાંપ્રત પરિસ્થિતિમાં ત્રાસવાદી/આસામાજીક તત્વો હોટલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળામાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુમારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિશ કરતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખીને રહેતા હોય છે તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુન્હાઓ ઉપર અંકુશ લાવવા તેમજ શોધી કાઢવા હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે આપતા માલિકો પર થોડાક નિયંત્રણો

મુકવાનું દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે. અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદ અંશે અંકુશમાં લઈ શકાય તે અંગે અત્રેના આમુખ-૨ વાળા જાહેરનામાની મુદ્દતમાં વધારો કરવા ઉચિત જણાયેલ છે.

સબબ, હું એસ. બી. દેસાઈ (જી.એ.એસ.), ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણીજાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારના હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના માલિકો ધ્વારા દેશ/વિદેશના નાગરીકોને રૂમો ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ (ચોવીસ) કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના રૂમો ભાડે આપી શકશે નહી અને નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧) હોટલ, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડિટેઈલ કોપી સહિતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વિઝા અને ભારતના સરનામાં અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કારાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતાં સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ (ચોવીસ) કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં પ્રવેશ આપવો નહી.

(૫) દેશ/વિદેશના વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામાં, ટેલીફોન સહિતના નક્કર પુરાવા મેળવવા.

(૬) મહીસાગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કે શહેરી વિસ્તારમાં કઈ જગ્યાએ રોકાઈ કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

સદર જાહેરનામાંના ભંગ બદલ ગુન્હા બાબતની કાર્યવાહીના કિસ્સાઓમાં ગુન્હો દાખલ કરતા પૂર્વે સબંધીત પેટા વિભાગના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલથી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી/કર્મચારી જ કાર્યવાહી કરી શકાશે.

આ જાહેરનામું તા.૨૭/૦૪/૨૦૨૫ થી તા. ૨૭/૦૬/૨૦૨૫સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩ એપ્રિલ ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર, લુણાવાડાના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી.જાહેરનામા/૬૮૭/૨૦૨૫, તા.૨૩/૦૪/૨૦૨૫ .

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/સીસીટીવી/જાહેરનામું/વશી/૩૦૦/૨૦૨૫, તા.૨૫/૦૨/૨૦૨૫.

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.એમએજી/સીસીટીવી/જાહેરનામું/વશી/૫૩૨/૨૦૨૫.-રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ તથા અગાઉ જમ્મુ-કાશ્મીર ખાતે આંતકવાદી તત્વો ધ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહાર, પર પ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ ધ્વારા હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા સહિતના જાહેર સ્થળોએ રોકાણ કરી ભૌગોલીક પરિસ્થિતીથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિઓ આચરતા હોય છે.

અસામાજીક તત્વો ધ્વારા આચરવામાં આવતી ઉપરોક્ત પ્રકારની ગુન્હાકીય પ્રવૃત્તિઓના કારણે જાહેર સલામતી સુરક્ષા, તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો જાહેર જનતા, પ્રજામાં, અસલામતી, અસુરક્ષાનો માહોલ ફેલાય છે, આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા તથા તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય, તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓ/બનાવો બનતા અટકાવી શકાય, તે હેતુસર હાઈ-વે રોડ પર આવેલ હોટલો, મોલ, શોપીંગ સેન્ટર, પેટ્રોલ પંપો, ટોલપ્લાઝા વિગેરે સ્થળી ખાતે સી.સી.ટી.વી. કેમેરા (નાઈટવિઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોડીંગ

સીસ્ટમ રાખવા અને તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે અંગે આમુખ-૧થી આગામી સમયમાં પરશુરામ જયંતિ, અખાત્રીજ, બકરી ઈદ, શ્રી જગન્નાથ રથયાત્રા જેવા તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાણવણી કરવા માટે જાહેરનામાની મુદ્દતમાં વધારો કરવા માંગણી કરેલ છે. સબબ કાયદો અને વ્યવસ્થાની દૃષ્ટીએ જોતા ઉકત માંગણી વ્યાજબી જણાય છે.

મહીસાગર જિલ્લામાં ઉપરોક્ત બાબતે જાહેર સુરક્ષા, સલામતીની દૃષ્ટિએ તકેદારીના પગલા રૂપે આ કામે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાંતા, સબબ, હું એસ. બી. દેસાઈ (જી.એ.એસ), ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છુ કે, મહીસાગર જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ તમામ હાઈ-વે ઉપરની હોટલો, મોલ, શોપીંગ સેન્ટર, ધર્મશાળાઓ, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝાઓ, જેવા સ્થળો ખાતે સબંધીત માલિકો, ટ્રસ્ટીઓ, વહીવટકર્તાશ્રીઓએ નીચે દર્શાવ્યા મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલ પંપો ખાતેના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હોટલોના ભોજન કક્ષ તથા બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હાઈ-વે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર વાહનની રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે, તેમજ મોલ તથા શોપીંગ સેન્ટરમાં આવતા જતા માણસોની અવર-જવર પર દેખરેખ રાખી શકાય અને વાહનચોરી તથા ચીલઝડપ તથા ધાડ-લૂંટ જેવા ગંભીર ગુના આચરતા ઈસમો પર નિગરાની રાખી શકાય તથા વાહન ચાલક તથા તેની બાજુમાં વ્યક્તિનું વિડીઓ રેકોડીંગ થઈ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેશ નાઈટવીઝન કેમેરા(હાઈડેફીનેશન)સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી., નાઈટવીઝન કેમેરા (હાઈડેફીનેશન) વીથ રેકોડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરાનો ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવા તથા તે જોવાની જવાબદારી જે તે જગ્યાના સંચાલકશ્રીની રહેશે.

(૪) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૫) તમામ પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેગેરાઓ ગોઠવવા.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરશે વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી/કર્મચારી જ કાર્યવાહી કરી શકશે.

આ જાહેરનામું તા.૨૭/૦૪/૨૦૨૫ થી તા. ૨૭/૦૬/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩ એપ્રિલ ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર, લુણાવાડાના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી.જાહેરનામાં/૬૮૭/૨૦૨૫ તા.૨૩/૦૪/૨૦૨૫.

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/ઔદ્યોગિક/મકાન ભાડા/જાહેરનામું/વશી/૩૦૧/૨૦૨૪, તા.૨૫/૦૨/૨૦૨૫.

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-

નં.એમએજી/ઔદ્યોગિક/મકાન ભાડા/જાહેરનામું/વશી/૫૩૩/૨૦૨૫.–બહારના રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા ત્રાસવાદી, અસામાજિક તત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા આવા તત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન, એકમો ભાડે રાખીને રહેતા હોય છે,. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. સબબ આમુખ-(૧)થી આગામી સમયમાં પરશુરામ જયંતિ, અખાત્રીજ, બકરી ઈદ, શ્રી જગન્નાથ રથયાત્રા જેવા તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે જાહેરનામાંની મુદ્દતમાં વધારો કરવા વિનંતી કરેલ હોઈ, જેથી ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

સબબ, હું એસ. બી. દેસાઈ (જી.એ.એસ), ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ : ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં કોઈ ઔદ્યોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે એકમ, મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે

આપી શકશે નહી. ભાડે આપેલ એકમ, મકાનની વિગત, ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

મિલ્કત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ
ઔધોગિક એકમો સહિત ભાડે આપેલ હોય તેની વિગત. (ઔધોગિક એકમ/મકાન/ટેનામેન્ટ/ફલેટ/ડુપ્લેક્ષ/દુકાન/ઓફીસ/ગોડાઉન/શેડ પ્લોટ વિગેરે મિલકત)
પોલીસ ઈન્સપેકટરશ્રી / પોલીસ સબ ઈન્સપેકટરશ્રી,.....પોલીસ સ્ટેશન,તા.....
ઔધોગિક એકમ, મકાન માલિકનું નામ શ્રી/શ્રીમતિ.....
જન્મ તારીખ (ઉમર).....,સરનામું.....
ફોન નં. (ઘર), ...(ઓફીસ).....(મો).....,
ઔધોગિક એકમ, મકાન ભાડે રાખનારનું નામ શ્રી/શ્રીમતિ.....,
જન્મ તારીખ (ઉમર).....,ભાડે રાખેલ મિલકતનું સરનામું.....
(ભાડે રાખેલ મલિકત) નાં ફોન નંબર.....(મો).....
કેટલા ટાઈમ માટે ભાડે આપેલ તે સમયગાળો. રીન્યુઅલ તારીખ.....
ભાડુઆતનું કાયમી વસવાટનું સરનામું (વતનનું.)
ફોન નું, (ઘર).....(ઓફીસ).....(મો.).....
નોકરી/ધંધો/વ્યવસાયનું સરનામું.....
ભાડું કેટલું રૂ..... ડિપોઝીટ રૂ.....

-: નિયમો :-	
૧	આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.
૨	આ ફોર્મ સંપુર્ણ ભરીને મિલ્કત માલિક અથવા ભાડુઆતે કલાક ૧૮.૦૦ થી ૧૯.૦૦ સુધી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.
૩	આ ફોર્મ સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.
૪	તમારી મિલ્કત કોઈનો કબજો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે.
૫	સીગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીના સંમતિપત્ર અથવા તો કંપનીનો નિમણુંકપત્ર, અભ્યાસ કરતો હોય તો તેનો પુરાવો મેળવવાનો રહેશે જે આ સાથે સામેલ કરવું.
૬	ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીગ લાયસન્સ, પાનકાર્ડ, ચુંટણી કાર્ડ,કંપનીનો લેટરપેડ રજૂ કરવાના રહેશે.
૭	આ સાથે રૂા. ૧૦૦/- ના રટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.
૮	મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.
૯	ઘણા કિરસામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆતે પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની રહેશે.
૧૦	બને ત્યાં સુધી મિલ્કત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખી આપવી.
૧૧	આ ફોર્મ મહીસાગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં એકસરખુ રહેશે, અને દરેક પોલીસ સ્ટેશનમાં થાણા ઈન્ચાર્જશ્રીએ માન્ય રાખવાનું રહેશે.
૧૨	એજન્ટનું નામ શ્રી/શ્રીમતિ.....
૧૩	એજન્ટનું સરનામું.....
૧૪	ફોન નંબર (ઘર) (ઓફીસ) (મો)
	ભાડુઆતના સબંધીની વગિત અને સરનામું,

૧૫	(૧)		
	ફોન નંબર (ઘર)	(ઓફીસ)	(મો)
૧૬	(૨)		
	ફોન નંબર (ઘર)	(ઓફીસ)	(મો)

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એક મકાન માલીકનો પાસપોર્ટ સાઈઅઝનો ફોટો	પોલીસ સ્ટેશનનો સહી સિક્કો અને તારીખ
ભાડુઆતની સહી	મિલ્કત માલિકની સહી	એજન્ટની સહી

આ જાહેરનામું તા.૨૭/૦૪/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૩૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર, લુણાવાડાના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી. જાહેરનામાં/૬૮૭/૨૦૨૫ તા.૨૩/૦૪/૨૦૨૫.

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/મોબાઈલ/સીમકાર્ડ/જાહેરનામું/વશી/૨૯૯/૨૦૨૫, તા.૨૫/૦૨/૨૦૨૫.

જાહેરનામું :-

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-

નં.એમએજી/મોબાઈલ/સીમકાર્ડ/જાહેરનામું/વશી/૫૩૧/૨૦૨૪.–રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને અગાઉ જમ્મુ કાશ્મીર ખાતે આંતકવાદી તત્વો ધ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. તે આધારે હાલમાં બજારમાં મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે અને તે સીમકાર્ડો આધારે રાજય તેમજ જીલ્લામાં બનાવટી કોલ ધ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવા તેમજ ખોટી માહિતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચીરીઓ, લુંટ-ધાડ, ચીલઝડપ વિગેરે ગુનાઓ પણ મોબાઈલ ફોન અને સીમકાર્ડનો ઉપયોગ કરી ચોરી કે લુંટમાં મેળવી બજારમાં વેચી દેતા હોવાનું ભુતકાળમાં બનેલ બનાવો પરથી જણાઈ આવેલ છે. તે માટે મોબાઈલ ફોન લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણો મુકવું જરૂરી છે. ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશ કરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ જે મોબાઈલ ફોન ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોંચે ત્યારે જાણવા મળે છે કે એમને કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે. જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતો ધ્યાને રાખી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમ કાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખ પત્ર તથા રહેઠાણના પુરાવાઓ વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચવા સંદર્ભમાં ખરીદ કરનાર નામ, સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અને અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે અંગે આમુખ-૧ થી આગામી સમયમાં પરશુરામ જયંતિ, અખાત્રીજ, બકરી ઈદ, શ્રી જગન્નાથ રથયાત્રા જેવા તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે જાહેરનામાંની મુદતમાં વધારો કરવા વિનંતી કરેલ છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈને જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રિટેઈલર વિક્રેતા ધ્વારા મોબાઈલના સીમકાર્ડ વેચાણ કરતી વખતે ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સરનામાંની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે અને જિલ્લામાં બોગસ દસ્તાવેજોના અધારે સીમકાર્ડ ખરીદ કરી તે ધ્વારા બનાવટી કોલ ધ્વારા ધમકી આપવાના. ખંડણી માંગવાનાં, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તથા ખોટી માહિતી આપવાના કિસ્સાઓ વધી રહેલ હોવાથી તેને અંકુશમાં લાવી શકાય તે માટે અત્રેના જિલ્લામાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ, હું એસ. બી. દેસાઈ (જી.એ.એસ), ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ : ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં મોબાઈલમાં ઉપયોગમાં લેવામાં આવતા સીમકાર્ડ વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટર/ રિટેઈલર વિક્રેતાઓ સીમકાર્ડ વેચાણ કરતાં પૂર્વે તે ખરીદ કરનાર વ્યક્તિનું ફોટો ઓળખકાર્ડ, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો

મેળવી રાખવાના રહેશે. તથા તે અંગેનું રેકર્ડ રાખવાનું રહેશે. તેમજ રજીસ્ટર નીચેના નમુનામાં નિભાવવાનું રહેશે.

નવા / જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર.

અં.નં.	મોબાઈલ ફોનની વિગત/કંપની.	IMEI NO.	મોબાઈલ વેચનાર/ ખરીદનારના નામ, સરનામાની વિગત	આઈ.ડી.પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવા / જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર.

અં.નં.	મોબાઈલ ફોનની વિગત/ કંપની.	IMEI NO.	મોબાઈલ વેચનાર/ ખરીદનારના નામ, સરનામાની વિગત	આઈ.ડી.પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવુ સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર.

અં.નં.	સીમકાર્ડ વિગત/કંપની	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત.	આઈ.ડી.પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨		૩	૪	૫

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના પો.સ.ઈ.થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ જાહેરનામું તા.૨૭/૦૪/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૩૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર, લુણાવાડાના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી.જાહેરનામાં/૬૮૭/૨૦૨૫ તા.૨૩/૦૪/૨૦૨૫.

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/રહેણાંક/મકાન ભાડા/નોંધણી/જાહેરનામું/વશી/૩૦૨/૨૦૨૪, તા.૨૫/૦૨/૨૦૨૫.

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-

નં.એમએજી/રહેણાંક/મકાન ભાડા/નોંધણી/જાહેરનામું/વશી/૫૩૪/૨૦૨૫.–બહારના રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજિક તત્વો ધ્વારા સ્થાનિક લોકોની મદદથી ભાડેથી આથવા વેચાણથી રહેણાંક વિસ્તારમાં મકાન લઈ સ્થાનિક લોકોમાં ગુમ રીતે ભળી જઈ સામાન્ય માણસોની જેમ રહી પોતાના બદ ઈરાદા પાર પાડી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરી તેમજ માનવ જીંદગીની ખુવારી કરી લોકોની સંપત્તિને નુકશાન કરી જતા રહેતા હોય છે અને પાછળથી તેઓના નામ, સરનામાં મળી શકતા નથી અને ગુન્હાઓનો ભેદ ખુલી શકતો નથી. બહાર રાજ્યના (પર પ્રાંતિય) ઈસમોને મકાન ભાડે આપવા અંગે અત્રેના સંદર્ભ-૨વાળા જાહેરનામાંની મુદ્દતમાં વધારો કરવા વિનંતી કરેલ છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો સ્થાનિક વિસ્તારોમાં કોઈના મકાન ભાડે રાખી રહેતા હોઈ છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ ને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આમુખ-૧ થી આગામી સમયમાં પરશુરામ જયંતિ, અખાત્રીજ, બકરી ઈદ, શ્રી જગન્નાથ રથયાત્રાજેવા તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે જાહેરનામાંની મુદ્દતમાં વધારો કરવા વિનંતી કરેલ હોઈ, જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાંક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

સબબ, હું એસ.બી. દેસાઈ (જી.એ.એસ.), ઈ.ચા.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહીસાગરના હુકમ : ક્રમાંક/એમએજી/સત્તાસોંપણીજાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત વિસ્તાર મકાન નંબર	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે. ભાડાની વિગત સાથે કેટલા સમય માટે ભાડે આપેલ છે.	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે. તેમાં રહેનાર વ્યક્તિના પાકા નામ સરનામાં	સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ સરનામું.	મકાન માલિકને ભાડુઆતોનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬	૭

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના હેડ કો-ટેબલથી નીચલા દરજજાના ન હોય તેવા અધિકારી/કર્મચારી જ કાર્યવાહી કરી શકાશે.

આ જાહેરનામું તા.૨૭/૦૪/૨૦૨૫ થી તા. ૨૭/૦૬/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર, લુણાવાડાના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી. જાહેરનામા/૬૮૭/૨૦૨૫, તા.૨૩/૦૪/૨૦૨૫

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/વાહન/ખરીદ/વેચાણ/જાહેરનામું/વશી/૩૦૩/૨૦૨૪, તા. ૨૫/૦૨/૨૦૨૫.

જાહેરનામું :-

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું.

એમએજી/વાહન/ખરીદ/વેચાણ/જાહેરનામું/વશી/૫૩૫/૨૦૨૫.- રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો વર્તમાન અને ભુતકાળમાં બનેલ અને અગાઉ જમ્મુ-કાશ્મીર ખાતે આંતકવાદી તત્વો ધ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બે બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની ટુ,શ્રી,ફોર વ્હીલર ગાડીઓ જુના વાહનો તથા તેના સ્પેરપાર્ટોનો ઉપયોગ આ તત્વો ધ્વારા કરાતો હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરવા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના, પર પ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીક તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લથડતી હોય છે. આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ જુના ટુ વ્હીલર, શ્રી વ્હીલર, ફોર વ્હીલર, વાહનો ખરીદવા-વેચવા અંગે બી.એન.એસ.એસ. કલમ-૧૬૩ મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આંતકવાદી તત્વો ધ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલા જ અંકુશમાં લઈ શકાય તેમજ તે અંગે આમુખ-૧ થી આગામી સમયમાં પરશુરામ જયંતિ, અખાત્રીજ, બકરી ઈદ, શ્રી જગન્નાથ રથયાત્રા જેવા તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે અત્રેના સંદર્ભ-૨ વાળા જાહેરનામાની મુદતમાં વધારો કરવા વિનંતી કરેલ છે. ઉપરોક્ત હકીકતે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, હું એસ. બી. દેસાઈ (જી.એ.એસ.), ઈ.ચા.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ:ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સહિતા ,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં જુના ટુ વ્હીલર, શ્રી વ્હીલર, ફોર વ્હીલર, ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યક્તિઓએ નીચે મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અ.નં.	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ.	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર.	ખરીદનારનું આઈ.ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત.	જુનુ વાહન ખરીદવાનું/ ખરીદયા અંગેનું કારણ અને તારીખ.	એન્જીન/ચેચીસ નંબર, મોડલ નંબર રજીસ્ટેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
૧	૨	૩	૪	૫	૬

૧. જુનુ ફોર વ્હીલર, શ્રી વ્હીલર અને ટુ વ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવું. અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

૨. વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈ પણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વાહનો વેચાણ કર્તાએ મેળવવાનો રહેશે.

૩. બીલમાં ખરીદનારનું પુરૂ નામ/સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

૪. વેચાણ બીલમાં જુના વાહનનો એન્જીન નંબર, મોડેલ નંબર, રજીસ્ટેશન નંબર/ચેચીસ નંબર લખવો.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલથી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી/કર્મચારી જ કાર્યવાહી કરી શકાશે.

આ જાહેરનામું તા.૨૭/૦૪/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર, લુણાવાડાના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી.જાહેરનામા/૬૮૭/૨૦૨૫, તા. ૨૩/૦૪/૨૦૨૫ .

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/શસ્ત્ર/ભાષણ/પ્રતિબંધ/જાહેરનામું/વશી/૩૦૪/૨૦૨૫, તા. ૨૫/૦૨/૨૦૨૫.

જાહેરનામું :-

-:: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) હેઠળનું ::-

